સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન


# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 15

[APRIL - 2023]
[09/04/23 to 15/04/23]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)



JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ
રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે ક્લિક કરો.

# Timeline


**09 APR-2023**

- દિવસ મહિમા : 09 એપ્રિલ, CRPF શૌર્ય દિવસ ........ 02
- ડિઝાસ્ટર રેઝિલિયન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર 5મી આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ ........ 02
- BEL સાથે Lynx - U2 ફાયર કંટ્રોલ સિસ્ટમ માટે કરાર પર હસ્તાક્ષર ........ 04
- પ્રાકૃતિક ખેતી માટે રાષ્ટ્રીય મિશન ........ 04
- QUESTION ANSWERS ........ 07

**10 APR-2023**

- દિવસ મહિમા : 10 એપ્રિલ, વિશ્વ હોમિયોપેથી દિવસ ........ 10
- બસોહલી પેઈન્ટિંગ (Basohli Painting)ને GI ટેગ ........ 10
- Forest (Conservation) Amendment Bill, 2023 ........ 10
- ઈટાલીએ ChatGPT પર પ્રતિબંધ મૂક્યો ........ 11
- QUESTION ANSWERS ........ 13

**11 APR-2023**

- દિવસ મહિમા : 11 એપ્રિલ, રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ, વિશ્વ પાર્કિન્સન્સ દિવસ ........ 14
- વાઘ વસતી ગણતરી 2022 (Tiger Census 2022) ........ 15
- ભારત સંયુક્ત રાષ્ટ્રના આંકડાકીય આયોગ માટે ચૂંટાયું ........ 19
- QUESTION ANSWERS ........ 20

**12 APR-2023**

- દિવસ મહિમા : 12 એપ્રિલ, વિશ્વ ઉડ્ડયન અને અવકાશી દિવસ (અથવા તો International of Human Space Flight) ........ 21
- કેન્દ્ર સરકારે 'ભારતીય અવકાશ નીતિ 2023'ને મંજૂરી આપી ........ 21
- શ્રી સી.આર.રાવને આંકડાશાસ્ત્રમાં આંતરરાષ્ટ્રીય પુરસ્કાર એનાયત કરવામાં આવશે ........ 22
- State Energy Efficiency Index (SEEI) 2021-22 ........ 22
- QUESTION ANSWERS ........ 24

**13 APR-2023**

- જલિયાવાલા બાગ હત્યાકાંડની 104મી વર્ષગાંઠ ........ 25
- મધ્યપ્રદેશ ગોંડ પેઈન્ટિંગને GI ટેગ ........ 27
- બિહારના પ્રસિદ્ધ મરચા ચાવલને GI ટેગ ........ 27
- QUESTION ANSWERS ........ 28

**14 APR-2023**

- દિવસ મહિમા : 14 સમરસતા દિવસ (ડો. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ), રાષ્ટ્રીય અગ્નિશમન સેવા દિન, વિશ્વ ચાગાસ દિવસ ........ 29
- વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ ........ 33
- QUESTION ANSWERS ........ 34

**15 APR-2023**

- દિવસ મહિમા : 15 એપ્રિલ, વિશ્વ સંસ્કૃતિ દિવસ અથવા વૈશ્વિક સંસ્કૃતિ દિવસ ........ 36
- આસામના બિહુ નૃત્યએ બે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યા ........ 36
- તમિલનાડુની કમ્બમ દ્રાક્ષને GI ટેગ મળ્યો ........ 37
- તેલંગાણામાં ડો. બાબાસાહેબ આંબેડકરની સૌથી ઊંચી પ્રતિમાનું અનાવરણ ........ 37
- QUESTION ANSWERS ........ 38

**ONE LINER** ........ 39

**QUESTION OF THIS WEEK** ........ 46


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 9 એપ્રિલ, CRPF શૌર્ય દિવસ

## ડિઝાસ્ટર રેઝિલિયન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર 5મી આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ

તાજેતરમાં 4 અને 5 એપ્રિલ, 2023ના રોજ ભારતમાં નવી દિલ્હી ખાતે 5મી 'ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન ડિઝાસ્ટર રિઝિલિયન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર' (ICDRI) યોજાઈ હતી.

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ 5મી ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન ડિઝાસ્ટર રિઝિલિયન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર' 2023માં ભાષણ આપ્યું હતું.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ CDRIના કાર્યના મહત્વ અને તેની સુસંગતતા પર ભાર મૂક્યો હતો.
- આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે ભારત G20 જૂથનું નેતૃત્વ કરી રહ્યું હોવાથી CDRI ઘણી મહત્વપૂર્ણ ચર્ચાઓમાં સામેલ થશે.
- આનો અર્થ એ છે કે CDRIમાં ચર્ચા કરાયેલા ઉકેલો વૈશ્વિક નીતિ નિર્માણના ઉચ્ચ સ્તરે ધ્યાનમાં લેવામાં આવશે.

### ICDRI 2023

ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન ડિઝાસ્ટર રેઝિલિયન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (ICDRI) એ કોલિશન ફોર ડિઝાસ્ટર રેઝિલિયન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (CDRI) હેઠળ આયોજિત વાર્ષિક આંતરરાષ્ટ્રીય પરિષદ છે.

- CDRIને ગુજરાતીમાં 'આપત્તિ સ્થિતિ સ્થાપક ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ગઠબંધન' તરીકે ઓળખવામાં આવે છે.
- જે આપત્તિ અને આબોહવા–સ્થિતિ સ્થાપક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર વૈશ્વિક સંકલનને મજબૂત કરવા સભ્ય દેશો, સંસ્થાઓ અને સંગઠનની ભાગીદારી છે.
- CDRIની આ વાર્ષિક પરિષદ વિશ્વભરના નિર્ણય લેનારાઓ, વિચારકો, શિક્ષણવિદો અને સંસ્થાઓને આંતરમાળખાની સ્થિતિસ્થાપકતા માટેના ઉકેલો પર કામ કરવા માટે એકસાથે લાવે છે.
- ICDRI 2023નો ઉદ્દેશ સભ્ય દેશોને ડિઝાસ્ટર રેઝિલિયન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (DRI) સોલ્યુશન પાથવેમાં જોડાવા અને યોગદાન આપવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે.
- આ કોન્ફરન્સે DRI સોલ્યુશન્સ પર ભાગીદારી, જ્ઞાનની વહેંચણી અને પૂરકતાને પ્રોત્સાહન આપવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર હિતધારકોને એકસાથે લાવ્યા હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તે આપત્તિ અને આબોહવા સ્થિતિસ્થાપક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર વૈશ્વિક સંવાદને મજબૂત બનાવવાનો પણ પ્રયાસ કરે છે.
- સ્થિતિ સ્થાપક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો હેતુ સુરક્ષિત અને સુધારેલી આજીવિકા અને જીવનની ગુણવત્તા સુધી પહોંચ આપવાનો છે.

## થીમ

ICDRI 2023ની થીમ '**Delivering Resilient and Inclusive Infrastructure : Pathways for Risk Informed Systems, Practices and Investments**' છે.

- આ પરિષદનું આયોજન ત્રણ સ્તંભોની આસપાસ કરવામાં આવ્યું હતું :

(1) પ્રથમ આધારસ્તંભ સ્થિતિ સ્થાપક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રદાન કરવાનો છે–સમાવિષ્ટ અને જોખમી માહિતી પ્રણાલીઓ.

(2) બીજો આધારસ્તંભ છે ડિલિવિંગ રેઝિલિયન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર–સ્થિતિ સ્થાપક ઈન્ફ્રાસ્ટ્રક્ચર એસેટ દ્વારા વિશ્વસનીય સેવાઓ પૂરી પાડવી.

(3) ત્રીજો આધારસ્તંભ ડિલિવિંગ રેઝિલિયન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે.

## CDRI વિશે

CDRIનું પૂરું નામ '**Coalition for Disaster Resilient Infrastructure**' છે.

- તે એક સ્વતંત્ર આંતરરાષ્ટ્રીય સંસ્થા છે.
- જેમાં રાષ્ટ્રીય સરકારો, સંયુક્ત રાષ્ટ્રની એજન્સીઓ અને કાર્યક્રમો, બહુપક્ષીય વિકાસ બેંકો અને ફાઈનાન્સીંગ મિકેનિઝમ્સ, ખાનગી ક્ષેત્ર તથા શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓની વૈશ્વિક ભાગીદારીનો સમાવેશ થાય છે.
- તેનો ઉદ્દેશ આબોહવા અને આપત્તિ–સ્થિતિ સ્થાપક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફ્રેમવર્ક સિસ્ટમ વિકસાવવાનો છે, જેનાથી ટકાઉ વિકાસ સુનિશ્ચિત થાય છે.
- તેની રચના વર્ષ 2019માં ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર ક્લાયમેન્ટ એક્શન સમિટમાં કરવામાં આવી હતી.
- ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA) પછી CDRI એ ભારતની બીજી મોટી વૈશ્વિક પહેલ છે.
- CDRIનું સચિવાલય ભારતના નવી દિલ્હીમાં આવેલું છે.
- તેની શરૂઆતથી 31 દેશો, 6 આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને 2 ખાનગી ક્ષેત્રની સંસ્થાઓ CDRIમાં સભ્યો તરીકે જોડાયા છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## BEL સાથે Lynx - U2 ફાયર કંટ્રોલ સિસ્ટમ માટે કરાર પર હસ્તાક્ષર



સંરક્ષણ મંત્રાલયે તાજેતરમાં ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ (BEL) સાથે 13 સ્વદેશી રીતે વિકસિત Lynx-U2 ફાયર કન્ટ્રોલ સિસ્ટમની ખરીદી માટે કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

- આ કરાર રૂ.1,700 કરોડથી વધુનો છે.
- તેને ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ અને ગોવા શિપયાર્ડ લિમિટેડમાં સ્વદેશી રીતે બાંધવામાં આવનાર નવી પેઢીના ઓફશોર પેટ્રોલિંગ જહાજોમાં રાખવામાં આવશે.

### Lynx - U2 ફાયર કંટ્રોલ સિસ્ટમ

Lynx-U2 ફાયર કંટ્રોલ સિસ્ટમ હવા અથવા સપાટીના લક્ષ્યોનું સચોટપણે નિરીક્ષણ કરે છે અને શસ્ત્રોના લક્ષ્ય સ્થાનો નક્કી કરવા અને લક્ષ્યોને જોડવા માટે લક્ષ્ય ડેટા જનરેટ કરે છે.

- આ સિસ્ટમ બે દાયકા કરતા વધુ સમયથી કાર્યરત છે અને ભારતીય નૌકાદળના વિવિધ પ્રકારના જહાજો જેમ કે વિનાશક, ફ્રિગેટ્સ, મિસાઈલ બોટ, કોર્વેટ વગેરેની વ્યૂહાત્મક જરૂરિયાતોને પૂરી કરી રહી છે.
- Lynx-U2 ફાયર કંટ્રોલ સિસ્ટમની પ્રાપ્તિથી ભારતીય નૌકાદળ માટે ઘણા ફાયદા છે.
- સૌપ્રથમ તે કોલેટરલ નુકસાનને ઘટાડીને વધુ ચોકસાઈ સાથે લક્ષ્યોને શોધવા અને જોડવાની નેવીની ક્ષમતાને વધારશે.
- આ સિસ્ટમ દરિયાઈ અવ્યવસ્થા વચ્ચે લક્ષ્યોને ટ્રેક કરવા અને જોડવા માટે બનાવવામાં આવી છે, જે નૌકાદળની કામગીરીમાં નોંધપાત્ર પડકાર છે.
- સરકારની 'મેક ઈન ઈન્ડિયા' પહેલને ટેકો આપતા સ્વદેશી રીતે રચાયેલ અને વિકસિત પ્રણાલીઓની પ્રાપ્તિ દેશમાં રોજગારીની તકો ઉભી કરશે.
- તે વિદેશી DEMs પર નિર્ભરતા ઘટાડશે જેના પરિણામે ખર્ચમાં બચત, ટેક્નોલોજી ટ્રાન્સફર અને કૌશલ્ય વિકાસ થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પ્રાકૃતિક ખેતી માટે રાષ્ટ્રીય મિશન

તાજેતરમાં ભારત સરકારે રાસાયણિક મુક્ત અને આબોહવા–સ્માર્ટ કૃષિને પ્રોત્સાહન આપવા માટે એક અલગ અને સ્વતંત્ર યોજના તરીકે 'પ્રાકૃતિક ખેતી માટે રાષ્ટ્રીય મિશન' (National Mission for Natural Farming - NMNF) શરૂ કર્યું છે.

# પ્રાકૃતિક ખેતી માટે રાષ્ટ્રીય મિશન

'પ્રાકૃતિક (કુદરતી) ખેતી માટે રાષ્ટ્રીય મિશન' અથવા 'નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ' (NMNF) દેશભરમાં કુદરતી ખેતીને પ્રોત્સાહન આપવા માટે ભારતીય કુદરતી ખેતી પ્રણાલી (BPKV)ને પ્રોત્સાહન આપીને તૈયાર કરવામાં આવ્યું છે.

- NMNF 15,000 ક્લસ્ટરો વિકસાવીને 7.5 લાખ હેક્ટર વિસ્તારને આવરી લેશે.
- પોતાના ખેતરમાં કુદરતી ખેતી શરૂ કરવા ઈચ્છુક ખેડૂતોની નોંધણી ક્લસ્ટર સભ્યો તરીકે કરવામાં આવશે.
- દરેક ક્લસ્ટરમાં 50 હેક્ટર જમીન ધરાવતા 50 કે તેથી વધુ ખેડૂતોનો સમાવેશ થશે.
- વધુમાં દરેક ક્લસ્ટર એક ગામ હોઈ શકે છે. અથવા સમાન ગ્રામ પંચાયત હેઠળ 2-3 સંલગ્ન ગામો સમાવી શકે છે.
- NMNF હેઠળ ખેડૂતોને ઓન–ફાર્મ ઈનપુટ પ્રોડક્શન ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા માટે ત્રણ વર્ષ માટે પ્રતિ હેક્ટર દીઠ રૂ.15000ની નાણાકીય સહાય મળશે.
- જોકે ખેડૂતોને પ્રોત્સાહન તો જ આપવામાં આવશે જો તેઓ કુદરતી ખેતી માટે પ્રતિબદ્ધ હોય અને ખરેખર તેને અપનાવતા હોય.
- જો ખેડૂત કુદરતી ખેતીનો ઉપયોગ ન કરે તો તેના પછીના હપ્તા ચૂકવવામાં આવશે નહીં.
- અમલીકરણ માળખું, સંસાધનો, અમલીકરણની પ્રગતિ, ખેડૂત નોંધણી, બ્લોગ વગેરેની માહિતી પ્રદાન કરતી કુદરતી ખેતીને પ્રોત્સાહન આપવા એક વેબ પોર્ટલ પણ શરૂ કરવામાં આવ્યું છે.
- કૃષિ મંત્રાલય નેશનલ એગ્રીકલ્ચરલ એક્સ્ટેન્શન મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ (MANAGE) અને નેશનલ સેન્ટર ફોર ઓર્ગેનિક એન્ડ નેચરલ ફાર્મિંગ (NCOF) દ્વારા માસ્ટર ટ્રેનર્સ, ચેમ્પિયન ખેડૂતો અને કુદરતી ખેતીની તકનીકોનો અભ્યાસ કરતા ખેડૂતોને મોટા પાયે તાલીમ આપી રહ્યું છે.
- કેન્દ્રએ જૈવ સંસાધનોની સરળ એક્સેસ પ્રદાન કરવા માટે 15,000 ભારતીય કુદરતી ખેતી બાયો–ઈનપુટ્સ રિસોર્સ સેન્ટર્સ (BRC)ની સ્થાપના કરવાની દરખાસ્ત કરી છે.
- જેમાં ગાયનું છાણ અને મૂત્ર, લીમડો અને બાયોકલ્ચર મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.
- આ બાયો–ઈનપુટ સંસાધન કેન્દ્રો કુદરતી ખેતીના સૂચિત 15,000 મોડેલ ક્લસ્ટરો સાથે સ્થાપિત કરવામાં આવશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પ્રાકૃતિક ખેતી

પ્રાકૃતિક ખેતી (Natural Farming) અથવા કુદરતી ખેતી એ ખેતીની પ્રાચીન પદ્ધતિ છે. તે જમીનની કુદરતી પ્રકૃતિને જાળવી રાખે છે.

- પ્રાકૃતિક ખેતીમાં રાસાયણીક જંતુનાશકનો ઉપયોગ થતો નથી.
- છાણ ખાતર, બેક્ટેરિયલ ખાતર, પાકના અવશેષો, પ્રકૃતિમાં ઉપલબ્ધ ખનીજ વગેરેનો ઉપયોગ કરી છોડને પોષક તત્ત્વ પુરા પાડવામાં આવે છે.

## પ્રાકૃતિક ખેતીની જરૂરિયાત ?

રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના ઉપયોગને કારણે જમીનની ફળદ્રુપ્તા ઘટી રહે છે. જે જમીન માટે ખૂબ જ હાનિકારક છે.

- રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓનો ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવતી ખાદ્ય ચીજ વસ્તુઓ માનવ અને પ્રાણીઓના સ્વાસ્થ્યને અસર કરી રહી છે.
- છેલ્લા ઘણાં સમયથી ખેતીમાં ઘણું નુકસાન થઈ રહ્યું છે. તેનું મુખ્ય કારણ હાનિકારક જંતુનાશકોનો ઉપયોગ છે.
- ખેડૂતોની અડધી ઉપજ તેમના ખાતર અને જંતુનાશકોમાં જાય છે આથી ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધવું જોઈએ.
- જંતુનાશક દવાઓને કારણે કેન્સર જેવા ગંભીર રોગોનું પણ જોખમ વધી રહ્યું છે. આથી પ્રાકૃતિક ખેતીથી શુદ્ધ અન્ન મળી રહે અને ડાયાબિટીસ, કેન્સર, હાઈપર ટેન્શન વગેરે જેવા રોગોથી બચી શકાય.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



**1.** ભારતમાં દર વર્ષે કયા દિવસે 'CRPF શૌર્ય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 8 એપ્રિલ (B) 9 એપ્રિલ (C) 10 એપ્રિલ (D) 11 એપ્રિલ **(B)**

**2.** તાજેતરમાં કયા સ્થળે 5મી 'ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન ડિઝાસ્ટર રિઝિલિયન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર' (ICDRI) યોજાઈ હતી ?

(A) નવી દિલ્હી (B) મુંબઈ (C) ન્યુયોર્ક (D) પેરિસ **(A)**

**3.** તાજેતરમાં ચર્ચામાં રહેલ 'CDRI' વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેનું પૂરું નામ 'Coalition for Disater Resilient Infrastructure' છે.
2. તે એક સ્વતંત્ર આંતરરાષ્ટ્રીય સંસ્થા છે.
3. તેની રચના વર્ષ 2019માં ન્યુયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર ક્લાયમેન્ટ એક્શન સમિટમાં કરવામાં આવી હતી.
4. તેનું સચિવાલય ભારતના નવી દિલ્હીમાં આવેલું છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1, 2 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 **(D)**

**4.** તાજેતરમાં સમાચારમાં રહેલ 'Lynx - U2 System' એ સ્વદેશી રીતે વિકસિત નેવલ ગન ફાયર સિસ્ટમ છે, તેનું ઉત્પાદન કઈ સંસ્થા દ્વારા કરવામાં આવ્યું છે ?

(A) DRDO (B) BEL (C) GIL (D) MIL **(B)**

**5.** તાજેતરમાં ભારત સરકારે 'પ્રાકૃતિક ખેતી માટે રાષ્ટ્રીય મિશન' (NMNF) શરૂ કરવામાં આવ્યું છે. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. NMNF 15,000 ક્લસ્ટરો વિકસાવીને 7.5 લાખ હેક્ટર વિસ્તારને આવરી લેશે.
2. પોતાના ખેતરમાં કુદરતી ખેતી શરૂ કરવા ઈચ્છુક ખેડૂતોની નોંધણી ક્લસ્ટર સભ્યો તરીકે કરવામાં આવશે.
3. દરેક ક્લસ્ટરમાં 50 હેક્ટર જમીન ધરાવતા 50 કે તેથી વધુ ખેડૂતોનો સમાવેશ થશે.
4. NMNF હેઠળ ખેડૂતોને ઓન–ફાર્મ ઈનપુટ પ્રોડક્શન ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા માટે ત્રણ વર્ષ માટે પ્રતિ હેક્ટર દીઠ રૂ.15,000ની નાણાકીય સહાય મળશે.


યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1 અને 3 (B) 1, 2, 3 અને 4 (C) ફક્ત 2, 3 અને 4 (D) ફક્ત 1, 3 અને 4 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 10 એપ્રિલ, વિશ્વ હોમિયોપેથી દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 10 એપ્રિલના રોજ 'વિશ્વ હોમિયોપેથી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.



- જર્મનીના ડો. ક્રિશ્ચિયન ફેડરિક સેમ્યુઅલ હાનેમને 1796માં હોમિયોપેથી નામની નવી ચિકિત્સા પદ્ધતિ વિકસાવી હતી.
- આથી તેમની યાદમાં તેમનો જન્મદિન 10 એપ્રિલ 'વિશ્વ હોમિયોપેથી દિવસ' તરીકે ઉજવાય છે.

**નોંધ :** ડો. ક્રિશ્ચિયન ફેડરિક સેમ્યુઅલ હાનેમનનો જન્મ 10 એપ્રિલ, 1755ના રોજ જર્મનીમાં થયો હતો.

## બસોહલી પેઈન્ટિંગ (Basohli Painting)ને GI ટેગ

જમ્મુ અને કાશ્મીરના કઠુઆ જિલ્લાની વિશ્વ પ્રસિદ્ધ 'બસોહલી પેઈન્ટિંગ'ને GI ટેગ મળ્યો છે.



- GI નોંધણીના ઈતિહાસમાં આવું પ્રથમ વખત છે જ્યારે જમ્મુ પ્રદેશને હસ્તકલા માટે GI ટેગ મળ્યો છે.
- ડિસેમ્બર 2020માં નાબાર્ડે હસ્તકલા અને હાથશાળ વિભાગ સાથે પરામર્શ કરીને કોવિડના મુશ્કેલ સમયમાં જમ્મુ પ્રદેશમાંથી 9 ઉત્પાદનોના GI ટેગિંગની પ્રક્રિયા શરૂ કરી હતી.
- લાંબી કાનૂની પ્રક્રિયા બાદ 'બસોહલી પેઈન્ટિંગ'ને GI ટેગ આપ્યો છે.
- બસોહલી પેઈન્ટિંગ તેના રંગ અને રેખાની જીવનશક્તિ માટે જાણીતી છે.
- તે પ્રહારી લઘુચિત્ર પેઈન્ટિંગની એક શાળા છે જે 17મી સદીના અંતમાં અને 18મી સદીની શરૂઆતમાં ભારતીય પહાડી રાજ્યોના નાના સ્વતંત્ર રાજ્ય બસોહલી શૈલીનું મુખ્ય કેન્દ્ર હતું.

## Forest (Conservation) Amendment Bill, 2023

તાજેતરમાં પર્યાવરણ મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે 'ફોરેસ્ટ (સંરક્ષણ) સુધારા બિલ, 2023' રજૂ કર્યુ હતું.

- આ સુધારા વિધેયક ભારતના વન સંરક્ષણ કાયદાને સ્પષ્ટ કરવા અને રાષ્ટ્રીય મહત્વના સુરક્ષા સંબંધિત પ્રોજેક્ટોને ફાસ્ટ–ટ્રેક કરવા માટે જમીનની અમુક શ્રેણીઓને તેની મર્યાદામાંથી મુક્તિ આપે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



- વધુમાં તે જંગલની જમીન પર હાથ ધરવા માટે પરવાનગી આપવામાં આવેલી પ્રવૃત્તિઓની સૂચીને વિસ્તૃત કરે છે.
- નોંધનીય છે કે સરકારે 'ધ ફોરેસ્ટ (સંરક્ષણ) અધિનિયમ, 1980'માં ફેરફારો કરવા માટે 'ફોરેસ્ટ (સંરક્ષણ) સુધારા બિલ, 2023' રજૂ કર્યુ હતું.
- આ ફેરફારોનો હેતુ વૃક્ષો વાવીને ફોરેસ્ટ કાર્બન સ્ટોક બનાવવાનો છે.
- આ અધિનિયમ વળતર આપનારી વનીકરણ માટે જમીન ઉપલબ્ધ કરાવવાનો પણ પ્રયાસ કરે છે.

## ફોરેસ્ટ (સંરક્ષણ) અધિનિયમ, 1980

ફોરેસ્ટ (સંરક્ષણ) અધિનિયમ, 1980 એ ભારતમાં એક વન સંરક્ષણ કાયદો છે.

- જે ખાણકામ, ઔદ્યોગિક પ્રોજેક્ટ્સ અને અન્ય વિકાસલક્ષી પ્રવૃત્તિઓ જેવા બિન–વનીય હેતુઓ માટે જંગલની જમીનના ડાયવર્ઝનનું નિયમન કરે છે.
- આ કાયદો જંગલોની જમીન પર લાકડા કાપવા, ચરાવવા અને ખેતી જેવી પ્રવૃત્તિઓનું નિયમન કરીને જંગલો અને વન્યજીવનના સંરક્ષણના ઉદ્દેશ્ય સાથે પસાર કરવામાં આવ્યો હતો.
- આઝાદી પછી જંગલની જમીનના વિશાળ વિસ્તારોને આરક્ષિત અને સંરક્ષિત જંગલો તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.
- જોકે કેટલાક જંગલ વિસ્તારોને બાદ કરતા કોઈપણ કાયમી જંગલો વિનાના વિસ્તારોને 'વન' જમીનમાં સમાવવામાં આવ્યા હતા.
- વર્ષ 1996માં સુપ્રીમ કોર્ટે દેશભરમાં વૃક્ષો કાપવા પર પ્રતિબંધ મૂક્યો હતો.
- અને એવો ચૂકાદો આપ્યો હતો કે વન સંરક્ષણ અધિનિયમ એવી તમામ જમીનો પર લાગુ થશે જે કાં તો 'જંગલ' તરીકે નિયુક્ત કરવામાં આવી હોય અથવા જંગલોને મળતી આવતી હોય.
- જૂન 2022માં સરકારે વન સંરક્ષણ નિયમોમાં સુધારો કર્યો જેથી વિકાસકર્તાઓને 'જે જમીન પર (FC) અધિનિયમ લાગુ ન હોય' તેના પર વૃક્ષારોપણની મંજૂરી આપવા અને વળતરજનક વનીકરણની પછીની જરૂરિયાતો સામે આવા પ્લોટોની અદલાબદલી કરવા માટે એક મિકેનિઝમ મૂકવામાં આવી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સૂચિત ફેરફારો

### અધિનિયમની પ્રસ્તાવના

તે તેની મર્યાદામાં જંગલોનું સંરક્ષણ, તેમની જૈવવિવિધતા અને આબોહવા પરિવર્તનના પડકારોનો સામનો કરવાની દેશની સમૃદ્ધ પરંપરાને સમાવિષ્ટ કરે છે.

### વન પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ

- આ અધિનિયમ જંગલોના આરક્ષણ અથવા બિન–જંગલ હેતુઓ માટે જંગલની જમીનના ઉપયોગ પર પ્રતિબંધ મૂકે છે.
- કેન્દ્ર સરકારની પૂર્વ મંજૂરી સાથે આવા નિયંત્રણો હટાવવામાં આવી શકે છે.
- બિન–જંગલ હેતુઓમાં બગાયતી પાકની ખેતી માટે અથવા પુનઃવનીકરણ સિવાયના કોઈપણ હેતુ માટે જમીનનો ઉપયોગ સામેલ છે.
- આ અધિનિયમ અમુક પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કરે છે. જેને બિન–જંગલ હેતુઓમાંથી બાકાત રાખવામાં આવશે, એટલે કે બિન જંગલ હેતુઓ માટે જંગલના આરક્ષણ અથવા જંગલની જમીનના ઉપયોગ પરના નિયંત્રણો લાગુ થશે નહીં.
- આ પ્રવૃત્તિઓમાં જંગલ અને વન્યજીવોના સંરક્ષણ , વ્યવસ્થાપન અને વિકાસને લગતા કાર્યોનો સમાવેશ થાય છે જેમ કે ચેકપોસ્ટની સ્થાપના, ફાયર લાઈન, ફેન્સીંગ અને વાયરલેસ કોમ્યુનિકેશન.
- આ બિલ આ સૂચિમાં વધુ પ્રવૃત્તિઓ ઉમેરે છે જેમ કે :

  (i) સરકાર અથવા કોઈપણ સત્તાધિકારની માલિકીના વાઈલ્ડ લાઈફ (પ્રોટેક્શન) એક્ટ 1972 હેઠળ પ્રાણીસંગ્રાહાલય અને સફારી, સંરક્ષિત વિસ્તારો સિવાયના જંગલ વિસ્તારોમાં

  (ii) ઈકો–ટૂરિઝમ સુવિધાઓ

  (iii) સિલ્વી કલ્ચરલ ઓપરેશન્સ (વન વૃદ્ધિ વધારવી) અને

  (iv) કેન્દ્ર સરકાર દ્વારા નિર્દિષ્ટ કોઈપણ અન્ય હેતુ.

### અધિનિયમના કાર્યક્ષેત્ર હેઠળની જમીન

આ બિલ જોગવાઈ કરે છે કે બે પ્રકારની જમીન અધિનિયમના કાર્યક્ષેત્ર હેઠળ હશે :

INSTITUTE FOR COMPETITIVE EXAMS

(i) ભારતીય વન અધિનિયમ, 1927 હેઠળ અથવા અન્ય કોઈપણ કાયદા હેઠળ જંગલ તરીકે જાહેર/સૂચિત કરાયેલ જમીન, અથવા

(ii) જમીન પ્રથમ શ્રેણીમાં આવરી લેવામાં આવી નથી પરંતુ સરકારી રેકોર્ડમાં 25 ઓક્ટોબર, 1980ના રોજ અથવા તે પછી જંગલ તરીકે સૂચિત કરવામાં આવી છે.

- વધુમાં રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ દ્વારા અધિકૃત કોઈપણ સત્તા દ્વારા 12 ડિસેમ્બર, 1996ના રોજ અથવા તે પહેલા જંગલના ઉપયોગમાંથી બિન–જંગલ ઉપયોગમાં બદલાયેલી જમીન પર કાયદો લાગુ થશે નહીં.

### જમીનની મુક્ત શ્રેણીઓ

બિલ અમુક પ્રકારની જમીનને કાયદાની જોગવાઈઓમાંથી મુક્તિ આપે છે જેમ કે –

(a) સરકાર દ્વારા જાળવવામાં આવતી રેલવે લાઈન અથવા જાહેર માર્ગ સાથેની જંગલની જમીન

(b) આંતરરાષ્ટ્રીય સરહદો સાથે 100 કિ.મી.ની અંદર આવેલી જમીન

(c) 10 હેક્ટર સુધીની જમીન, સુરક્ષા–સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર વગેરેના નિર્માણ માટે ઉપયોગમાં લેવાની દરખાસ્ત

### લીઝ દ્વારા અથવા અન્યથા જમીન સોંપવી

રાજ્ય સરકાર અથવા કોઈપણ ઓથોરિટીને લીઝ દ્વારા અથવા અન્યથા સરકારની માલિકીની ન હોય તેવી સંસ્થાને જંગલની જમીન સોંપવાનો નિર્દેશ આપવા માટે કેન્દ્ર સરકારની પૂર્વ મંજૂરીની જરૂર છે.

### દિશાનિર્દેશો જારી કરવાની સત્તા

અધિનિયમ ઉમેરે છે કે કેન્દ્ર સરકાર કેન્દ્ર, રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશ હેઠળ અથવા માન્યતા પ્રાપ્ત કોઈપણ અન્ય સત્તા/સંસ્થાને કાયદાના અમલીકરણ માટે નિર્દેશો જારી કરી શકે છે.

## ઈટાલીએ ChatGPT પર પ્રતિબંધ મૂક્યો

ઈટાલીએ તાજેતરમાં વ્યક્તિગત ડેટાના સંગ્રહ અને બાળકોને AI ચેટબોટને એક્સેસ કરવાથી રોકવા માટે સુરક્ષાની ગેરહાજરીને કારણે ChatGPT પર પ્રતિબંધ મૂક્યો હતો.

- ઈટાલીના ડેટા પ્રોટેક્શન અધિકારીઓનું માનવું છે કે આ ચેટબોટ પહેલા લોકોની અંગત માહિતી એકઠી કરે છે, જે નિયમની વિરુદ્ધ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- નોંધનીય છે કે આ પહેલા ઉત્તર કોરિયા, ઈરાન, રશિયા અને ચીને વિવિધ કારણો દર્શાવીને **OpenAI**ના **AI** ટૂલ્સ પર બેન મૂક્યો છે.
- **AI** મોડલ્સને તાલીમ આપવા માટે મોટી માત્રામાં ડેટાની એક્સેસની જરૂર છે, જેમાં વ્યક્તિગત અને સંવેદનશિલ માહિતી હોઈ શકે છે.
- એક ચિંતા એ પણ છે કે **AI** મોડલ નવી સામગ્રી જેમ કે ઈમેજ, ઓડિયો અથવા ટેક્સ્ટ જનરેટ કરી શકે છે, તેથી તેનો ઉપયોગ નકલી સમાચાર અથવા અન્ય દૂષિત સામગ્રી જનરેટ કરવા માટે થઈ શકે છે અને તેના આઉટપુટ માટે જવાબદાર પરિબળને શોધી કાઢવું મુશ્કેલ બની શકે છે.




1. 'વિશ્વ હોમિયોપેથી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 8 એપ્રિલ (B) 9 એપ્રિલ (C) 10 એપ્રિલ (D) 11 એપ્રિલ **(C)**

2. હોમિયોપેથી નામની નવી ચિકિત્સા પદ્ધતિની શોધ કોણે કરી હતી ?

(A) સેમ્યુઅલ હાનેમન (B) જ્યોર્જ બર્નાર્ડ (C) સેમ્યુઅલ જોન્સ (D) જ્યોર્જ વ્હીલર **(A)**

3. તાજેતરમાં 'બસોહલી પેઈન્ટિંગ' (Basohli Painting)ને GI ટેગ મળ્યો છે. તે કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશ સાથે સંકળાયેલ છે ?

(A) પુડુચેરી (B) આંદામાન–નિકોબાર

(C) સિક્કિમ (D) જમ્મુ કાશ્મીર **(D)**

4. તાજેતરમાં 'Forest (Conservation) Amendment Bill, 2023' રજૂ કર્યુ હતું. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે 'ધ ફોરેસ્ટ (સંરક્ષણ) અધિનિયમ, 1980'માં ફેરફારો કરવા માટે રજૂ કરવામાં આવ્યું હતું.
2. આ અધિનિયમ જંગલોના આરક્ષણ અથવા બિન–જંગલ હેતુઓ માટે જંગલની જમીનના ઉપયોગ પર પ્રતિબંધ મૂકે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા **(C)**

5. તાજેતરમાં નીચેના પૈકી કયા દેશે ChatGPT પર પ્રતિબંધ મૂક્યો હતો ?

(A) ઈટાલી (B) પાકિસ્તાન (C) માલદીવ (D) જાપાન **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 11 એપ્રિલ, (1) રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ
## (2) વિશ્વ પાર્કિન્સન્સ દિવસ (World Parkinson's Day)

### રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ



ભારતમાં દર વર્ષે 11 એપ્રિલના રોજ 'રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણી કરનાર ભારત વિશ્વનો પ્રથમ દેશ છે.
- ભારતમાં પ્રસૂતિ દરમિયાન માતૃ મૃત્યુદરમાં ઘટાડો કરવા માટે જાગૃતિ ફેલાવવા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ભારતમાં કસ્તૂરબાની યાદમાં તેમનો જન્મદિન 11 એપ્રિલ 'રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ' તરીકે ઉજવાય છે.
- ભારતમાં આ દિવસની ઉજવણીનો પ્રારંભ વર્ષ 2003થી થયો હતો.

નોંધ : કસ્તૂરબાનો જન્મ 11 એપ્રિલ, 1869ના રોજ ગુજરાતના પોરબંદર ખાતે થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EX

### વિશ્વ પાર્કિન્સન્સ દિવસ



પાર્કિન્સન્સ નામની બિમારી અંગે જાગૃતિ ફેલાવવા માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 11 એપ્રિલના રોજ 'વિશ્વ પાર્કિન્સન્સ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- પાર્કિન્સન્સ એ શરીરના સંતુલન સંબંધિત ગંભીર બિમારી છે.
- જોકે, આ બિમારીના કારણો વિશે હજી સુધી ચોક્કસ માહિતી ઉપલબ્ધ થઈ શકી નથી.
- ડો. જેમ્સ પાર્કિન્સન નામના વ્યક્તિએ સૌપ્રથમ 1817માં આ બિમારીના લક્ષણોની શોધ કરી હતી.
- આથી, તેની યાદમાં ડો. જેમ્સ પાર્કિન્સનનો જન્મદિન 11 એપ્રિલ 'વિશ્વ પાર્કિન્સન્સ દિવસ' તરીકે ઉજવાય છે.

નોંધ : ડો. જેમ્સ પાર્કિન્સનનો જન્મ 11 એપ્રિલ, 1755ના રોજ બ્રિટનમાં લંડનના શોરેડિચ ખાતે થયો હતો.

## વાઘ વસતી ગણતરી 2022 (Tiger Census 2022)

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'All India Tiger Estimation Report 2022'ના પાંચમાં ચક્રનો ડેટા બહાર પાડવામાં આવ્યો હતો.

- જેમાં જણાવવામાં આવ્યું છે કે વાઘની વસતીમાં ફરી એક વાર વધારો થયો છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રોજેક્ટ ટાઈગરના 50 વર્ષ પૂરા થવા પર કર્ણાટકના મૈસુરમાં આયોજિત 'ઈન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સ' (IBCA)નું ઉદ્‌ઘાટન કરતી વખતે આ વાઘની વસતી ગણતરી રજૂ કરી હતી.


### વાઘ વસતી ગણતરી 2022

આ રિપોર્ટ અનુસાર ભારતમાં વાઘની સંખ્યા 3,167 છે.

- વર્ષ 2018 થી વર્ષ 2022 સુધીમાં વાઘની સંખ્યામાં 200નો વધારો થયો છે.
- વર્ષ 2014-2018 દરમિયાન તેમનો વિકાસ દર લગભગ 33% હતો, જે વર્ષ 2018 થી 2022 દરમિયાન ઘટીને 6.7% થયો છે.
- શિવાલિક ટેકરીઓ અને ગંગાના મેદાનોમાં વાઘની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે.
- જ્યારે ઝારખંડ, ઓડિશા, છત્તીસગઢ અને તેલંગાણામાં ઘટાડો જોવા મળ્યો છે.
- ઉત્તરપૂર્વીય પર્વતીય વિસ્તારો અને બ્રહ્મપુત્રાના મેદાનમાં 194 વાઘોને કેમેરામા ટ્રેપ કરવામાં આવ્યા હતા અને નીલગીરી ક્લસ્ટરમાં વૈશ્વિક સ્તરે સૌથી વધુ વાઘ છે.
- નવીનતમ વિશ્લેષણ દર્શાવે છે કે પશ્ચિમ ઘાટમાં વાઘની સંખ્યામાં ઘટાડો થયો છે.
- સિમલીપાલમાં વાઘની આનુવંશિક રીતે અનન્ય અને વિરલ વસતીને પણ ઉચ્ચ સંરક્ષણ અગ્રતા તરીકે પ્રકાશિત કરવામાં આવી છે.
- રિપોર્ટમાં અલગ–અલગ વસતીની સાથે ટકાઉ વિકાસ જાળવવા માટે વૈશ્વિક વાઘ સંરક્ષણ તકનીકોની ભલામણ કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS






## દરેક લેન્ડસ્કેપમાં કેપ્ચર કરાયેલ વાઘની સંખ્યા

| લેન્ડસ્કેપ | કેમેરામાં ટ્રેપ કરાયેલ વાઘની સંખ્યા |
|---|---|
| શિવાલિક ટેકરીઓ અને ગંગાના મેદાનો | 804 |
| મધ્યભારત અને પૂર્વીય ઘાટ ક્ષેત્ર | 1,161 |
| પશ્ચિમ ઘાટ | 824 |
| ઉત્તરપૂર્વીય પ્રદેશો અને બ્રહ્મપુત્રાના મેદાનો | 194 |
| સુંદરવન લેન્ડસ્કેપ | 100 |

## ભારતમાં વાઘની સંખ્યા

ભારતમાં વર્ષ 2014માં વાઘની સંખ્યા 2,226 હતી.

- જે વધીને વર્ષ 2018માં 2,967 અથવા તો અંદાજે 3,000 જેટલી થઈ હતી, જે સમગ્ર વિશ્વમાં સૌથી વધુ હતી.
- ત્યારબાદ વર્ષ 2022માં વાઘની સંખ્યા 3,167 થઈ છે.

### ભારતમાં વાઘની સંખ્યા

| ક્રમ | વર્ષ | અંદાજિત સંખ્યા |
|---|---|---|
| 1 | 2006 | 1411 |
| 2 | 2010 | 1706 |
| 3 | 2014 | 2226 |
| 4 | 2018 | 2967 અથવા 3000 |
| 5 | 2022 | 3167 |

નોંધ : (1) વર્ષ 2010માં સેંટ પિટર્સબર્ગ સંમેલનમાં 2022 સુધીમાં વાઘોની સંખ્યા બમણી કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું હતું. જે ભારતે વર્ષ 2018માં જ પૂરું કર્યું હતું.

(2) દર ચાર વર્ષે વાઘની વસતી ગણતરી કરવામાં આવે છે.

(3) નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી (NTCA) રાજ્યના વન વિભાગો, સંરક્ષણ NGO અને વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા (WII) સાથે ભાગીદારીમાં વાઘની વસતી ગણતરી કરે છે.

(4) વર્ષ 2018ના રિપોર્ટ અનુસાર ભારતના રાજ્યોમાં સૌથી વધુ વાઘ મધ્યપ્રદેશમાં (526) હતા. ત્યારબાદ કર્ણાટક બીજા (524) અને ઉત્તરાખંડ (442) ત્રીજા ક્રમે હતું.

(5) સમગ્ર વિશ્વમાં વાઘ સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 29 જુલાઈના રોજ 'આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

## IBCA

IBCAનું પૂરું નામ 'ઈન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સ' છે.

- વાઘ, સિંહ, સ્નો લેપર્ડ, પેન્થર, ચિત્તા, જગુઆર અને પ્યૂમાના સંરક્ષણ માટે IBSA શરૂ કરવામાં આવ્યું છે.
- તેના સભ્યોમાં 97 દેશો સામેલ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- IBCA આ સંદર્ભે ભાગીદારી, ક્ષમતા નિર્માણ, ઈકો–ટૂરિઝમ પર ભાર મૂકે છે.
- તેનાથી સભ્યોમાં માહિતી અને જાગૃતિનો પ્રસાર થશે.

## વાઘ સંબંધિત મહત્વપૂર્ણ તથ્યો

વાઘનું વૈજ્ઞાનિક નામ 'પેન્થેરા ટાઈગ્રીસ' છે.

- વાઘ ભારતનું રાષ્ટ્રીય પ્રાણી છે.
- તે બિલાડીકૂળની સૌથી મોટી પ્રજાતિ છે અને પેન્થેરા જીનસનું સભ્ય છે.
- વાઘ, સિંહ, દિપડા તથા ચિત્તા પૈકી સૌથી ભારે વજનદાર પ્રાણી વાઘ છે.
- નર વાઘનું વજન અંદાજિત 180 થી 230 કિગ્રા જેટલું નોંધાયું છે. માદાનું વજન નર કરતા 45 કિગ્રા ઓછું હોય છે.
- વાઘની આઠ પેટાજાતિઓ પરંપરાગત રીતે માન્ય છે, જેમાંથી ત્રણ લુપ્ત થઈ ગઈ છે.
- વાઘની 8 પ્રજાતિઓ નીચે મુજબ છે :

(1) બંગાળ વાઘ (Bengal Tiger) : ભારતીય ઉપખંડ

(2) કેસ્પિયન ટાઈગર : મધ્ય અને પૂર્વ એશિયાથી તુર્કી (લુપ્ત)

(3) અમુર વાઘ (Amur Tiger) : રશિયા, ચીન અને ઉત્તર કોરિયાનો અમુર નદીનો પ્રદેશ

(4) જાવા ટાઈગર (Javan Tiger) : જાવા, ઈન્ડોનેશિયા (લુપ્ત)

(5) દક્ષિણ ચીન વાઘ : દક્ષિણ મધ્ય ચીન

(6) બાલી વાઘ : બાલી, ઈન્ડોનેશિયા (લુપ્ત)

(7) સુમાત્રન વાઘ : સુમાત્રા, ઈન્ડોનેશિયા

(8) ઈન્ડો–ચીની–વાઘ : દ્વીપકલ્પ દક્ષિણ–પૂર્વ એશિયા

- 13 ટાઈગર રેન્જ કન્ટ્રીઝ છે. જ્યાં પ્રાકૃતિક રૂપે વાઘ જોવા મળે છે.
- આ 13 ટાઈગર દેશ નીચે મુજબ છે :

(1) ભારત (2) નેપાળ (3) ભૂટાન (4) બાંગ્લાદેશ (5) મ્યાનમાર (6) રશિયા (7) ચીન (8) થાઈલેન્ડ (9) મલેશિયા (10) ઈન્ડોનેશિયા (11) કંબોડિયા (12) લાઓસ (13) વિયેતનામ

- સંરક્ષણ સ્થિતિ :

(a) IUCN રેડ લિસ્ટ : લુપ્તપ્રાય

(b) CITES : પરિશિષ્ટ-I

(c) WPA 1972 : અનુસૂચિ-I

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત સંયુક્ત રાષ્ટ્રના આંકડાકીય આયોગ માટે ચૂંટાયું

ભારત 1 જાન્યુઆરી, 2024થી શરૂ થતા ચાર વર્ષની મુદત માટે સંયુક્ત રાષ્ટ્રની સર્વોચ્ચ આંકડાકીય સંસ્થા માટે ચૂંટાયું છે.

- ભારતની આ મોટી જીતમાં તેમને 53માંથી 46 વોટ મળ્યા હતા.
- ભારત ગુપ્ત મતદાન દ્વારા ચૂંટાયું હતું. જ્યારે આર્જેન્ટિના, સિએરા, લિયોન, સ્લોવેનિયા, યુક્રેન, યુનાઈટેડ રિપબ્લિક ઓફ તાંઝાનિયા અને યુનાઈટેડ સ્ટેટ્સ બિનહરીફ ચૂંટાયા હતા.

### યુનાઈટેડ નેશન્સ સ્ટેટિસ્ટિકલ કમિશન

યુનાઈટેડ નેશન્સ સ્ટેટિસ્ટિકલ કમિશનની સ્થાપના વર્ષ 1947માં કરવામાં આવી હતી અને વૈશ્વિક આંકડાકીય પ્રણાલીની સર્વોચ્ચ સંસ્થા છે.

- તે વિશ્વભરના સભ્ય દેશોના મુખ્ય આંકડાશાસ્ત્રીઓને એકસાથે લાવે છે.
- સ્ટેટિસ્ટિકલ કમિશન યુનાઈટેડ નેશન્સ સ્ટેટિસ્ટિક્સ ડિવિઝન (UNSD)ના કામની દેખરેખ રાખે છે. અને તે યુએન ઈકોનોમિક એન્ડ સોશિયલ કાઉન્સિલનું કાર્યાત્મક કમિશન છે.
- તે આંતરરાષ્ટ્રીય આંકડાકીય પ્રવૃત્તિઓ માટે સર્વોચ્ચ નિર્ણય લેતી સંસ્થા છે.
- કમિશનમાં સંયુક્ત રાષ્ટ્રના 24 સભ્ય દેશોનો સમાવેશ થાય છે.
- જેઓ સંયુક્ત રાષ્ટ્રની આર્થિક અને સામાજિક પરિષદ દ્વારા નીચેની પેટર્ન અનુસાર સમાન ભૌગોલિક વિતરણના આધારે ચૂંટાયેલા છે :

(a) આફ્રિકન રાજ્યોમાંથી પાંચ સભ્યો

(b) એશિયા–પેસિફિક રાજ્યોમાંથી ચાર સભ્યો

(c) પૂર્વ યુરોપિયન રાજ્યોમાંથી ચાર સભ્યો

(d) લેટિન અમેરિકન અને કેરેબિયનમાંથી ચાર સભ્યો

(e) પશ્ચિમ યુરોપિયન અને અન્ય રાજ્યોમાંથી સાત સભ્યો

- સભ્યોનો કાર્યકાળ 4 વર્ષનો હોય છે.
- જુલાઈ, 1999માં આર્થિક અને સામાજિક પરિષદે નક્કી કર્યું કે આયોગે વર્ષ 2000થી શરૂ કરીને દર સત્રમાં ચાર દિવસ માટે વાર્ષિક બેઠક કરવી જોઈએ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. 'રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ' તરીકે ભારતમાં કયો દિવસ ઉજવાય છે ?

(A) 10 એપ્રિલ (B) 11 એપ્રિલ (C) 12 એપ્રિલ (D) 13 એપ્રિલ

(B)

2. ભારતમાં કોનો જન્મદિન 'રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) કસ્તુરબા (B) સુશ્રી સરોજિની નાયડુ

(C) શ્રીમતી ઈન્દિરા ગાંધી (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

(A)

3. 'વિશ્વ પાર્કિન્સન્સ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 10 એપ્રિલ (B) 11 એપ્રિલ (C) 12 એપ્રિલ (D) 13 એપ્રિલ

(B)

4. વર્ષ 2022માં થયેલી ગણતરી અનુસાર ભારતમાં વાઘની સંખ્યા કેટલી છે ?

(A) 2,167 (B) 3, 167 (C) 4,167 (D) 5, 167

(B)

5. 'આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 27 જુલાઈ (B) 28 જુલાઈ (C) 29 જુલાઈ (D) 30 જુલાઈ

(C)

6. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વાઘ વસતી ગણતરી 2022નો ડેટા બહાર પાડ્યો હતો. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) આ રિપોર્ટ અનુસાર ભારતમાં વાઘની સંખ્યા 3,167 છે.

(B) આ રિપોર્ટ અનુસાર શિવાલિક ટેકરીઓ અને ગંગાના મેદાનોમાં વાઘની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા

(C)

7. ભારત 1 જાન્યુઆરી, 2024થી શરૂ થતા 'યુનાઈટેડ નેશન્સ સ્ટેટિસ્ટિકલ કમિશન'માં કેટલા વર્ષની મુદત માટે ચૂંટાયું છે ?

(A) ત્રણ (B) ચાર (C) પાંચ (D) છ

(B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 12 એપ્રિલ, વિશ્વ ઉડ્ડયન અને અવકાશી દિવસ (અથવા તો International of Human Space Flight)

## કેન્દ્ર સરકારે 'ભારતીય અવકાશ નીતિ 2023'ને મંજૂરી આપી

ભારતીય અવકાશ ક્ષેત્રમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારીને સંસ્થાકીય બનાવવા અને સુવિધા આપવાના ઉદ્દેશ્ય સાથે ભારત સરકારે તાજેતરમાં 'ભારતીય અવકાશ નીતિ 2023' (Indian Space Policy 2023)ને મંજૂરી આપી છે.




- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતાવાળી કેબિનેટ સમિતિ દ્વારા મંજૂરી આપવામાં આવી છે.
- આ નીતિની મંજૂરી એ ભારતને એક મોટી અવકાશ શક્તિમાં ફેરવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે.

### ભારતીય અવકાશ નીતિ 2023

આ નીતિ અવકાશ ક્ષેત્રમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારીને સંસ્થાકીય બનાવવા પર ભાર મૂકે છે અને અદ્યતન અવકાશ તકનીકોના સંશોધન અને વિકાસ પર ISROનું ધ્યાન કેન્દ્રિત કરે છે.

- તે ખાનગી ઉદ્યોગોની ભાગીદારીને પ્રોત્સાહિત કરશે અને અવકાશ સુધારાને વેગ આપશે.
- વૈશ્વિક અવકાશ અર્થતંત્રમાં ભારતનો હિસ્સો વર્તમાન 2%થી વધારીને ભવિષ્યમાં 10% કરવા માટે અવકાશ ક્ષેત્રમાં ખાનગી ભાગીદારી મહત્વપૂર્ણ છે.

### ભૂમિકાઓ અને જવાબદારીઓ

આ નીતિ ISRO, સ્પેસસેક્ટર PSU 'ન્યુ સ્પેસ ઈન્ડિયા લિમિટેડ' (NSIL) અને ઈન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઓથોરાઈઝેશન સેન્ટર (In-Space)ની ભૂમિકાઓ અને જવાબદારીઓને વ્યાખ્યાયિત કરે છે.

- NSIL દ્વારા અવકાશ ક્ષેત્રને લગતી વ્યૂહાત્મક પ્રવત્તિઓ માંગ આધારિત મોડ પર હાથ ધરવામાં આવશે.
- INSPACE ISRO અને બિન–સરકારી સંસ્થાઓ વચ્ચે ઈન્ટરફેસ તરીકે કામ કરશે.
- ISRO નવી ટેક્નોલોજી, નવી સિસ્ટમ સાથે સંશોધન અને વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરશે.
- ISRO મિશનના સંચાલનની જવાબદારી ન્યૂ સ્પેસ ઈન્ડિયા લિમિટેડને આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ખાનગી ક્ષેત્રનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર

આ નીતિ સેટેલાઈટ ઉત્પાદન, રોકેટ અને પ્રક્ષેપણ વાહનો, ડેટા સંગ્રહ અને પ્રસાર સહિત અવકાશ પ્રવૃત્તિઓમાં ખાનગી ક્ષેત્રની ભૂમિકાને પ્રોત્સાહિત કરશે.

- ખાનગી ક્ષેત્ર ખૂબ જ ઓછી ફીમાં ઈસરોની સુવિધાઓનો ઉપયોગ કરી શકશે.
- જે આ ક્ષેત્રમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણને પ્રોત્સાહિત કરશે.

## 'શ્રી સી.આર.રાવ'ને આંકડાશાસ્ત્રમાં આંતરરાષ્ટ્રીય પુરસ્કાર એનાયત કરવામાં આવશે

પ્રસિદ્ધ ભારતીય–અમેરિકન ગણિતશાસ્ત્રી અને આંકડાશાસ્ત્રી શ્રી કલયમપુડી રાધાકૃષ્ણ રાવને આંકડાશાસ્ત્રમાં 2023નું આંતરરાષ્ટ્રીય પુરસ્કાર એનાયત કરવામાં આવશે.

- આ પુરસ્કારને આંકડાશાસ્ત્રમાં નોબેલ પુરસ્કાર સમાન ગણવામાં આવે છે.
- કોલકાતા મેથેમેટિકલ સોસાયટીના બુલેટિનમાં વર્ષ 1945માં પ્રકાશિત થયેલ શ્રી સી.આર.રાવનું સીમાચિહ્ન પેપર, ત્રણ મૂળભૂત પરિણામો દર્શાવે છે જેણે આંકડાશાસ્ત્રના આધુનિક ક્ષેત્ર માટે માર્ગ મોકળો કર્યો અને આજે વિજ્ઞાનમાં વ્યાપકપણે ઉપયોગમાં લેવાતા આંકડાકીય સાધનો પૂરા પાડ્યા છે.
- શ્રી સી.આર.રાવના સિદ્ધાંત નીચે મુજબ છે :

(a) ક્રેમર–રાવ લોઅર બાઉન્ડ : તે જાણવાનું એક સાધન પૂરું પાડે છે કે જ્યારે જથ્થાનો અંદાજ કાઢવાની પદ્ધતિ કોઈપણ પદ્ધતિ જેટલી સારી હોય છે.

(b) રાવ–બ્લેકવેલ પ્રમેય : તે અંદાજને શ્રેષ્ઠ અંદાજમાં રૂપાતંરિત કરવાનું સાધન પૂરું પાડે છે. આ પરિણામો એક સાથે એક પાયો બનાવે છે જેના પર ઘણા આંકડા બાંધવામાં આવે છે.

નોંધ : (1) આંકડાશાસ્ત્રમાં આંતરરાષ્ટ્રીય પુરસ્કાર પાંચ મુખ્ય આંતરરાષ્ટ્રીય આંકડાકીય સંસ્થાઓ સાથે મળીને દર બે વર્ષે એનાયત કરવામાં આવે છે.

(2) આ પુરસ્કાર આંકડાશાસ્ત્રીય ક્ષેત્રમાં વ્યક્તિ અથવા ટીમ દ્વારા મોટી સિદ્ધિને માન્યતા આપે છે.

## State Energy Efficiency Index (SEEI) 2021-22



તાજેતરમાં કેન્દ્રીય ઊર્જા અને નવી અને નવીનીકરણીય ઊર્જા મંત્રી શ્રી આર.કે.સિંહે રાજ્ય ઊર્જા કાર્યક્ષમતા સૂચકાંક 2021-22' (State Energy Efficiency Index -SEEI) બહાર પાડ્યો છે.

## રાજ્ય ઊર્જા કાર્યક્ષમતા સૂચકાંક

આ ઈન્ડેક્સ 'બ્યૂરો ઓફ એનર્જી એફિશિયન્સી' દ્વારા એલાયન્સ ફોર ઓન એન એનર્જી–એફિશિયન્ટ ઈકોનોમી (AEEE) સાથે મળીને વિકસાવવામાં આવ્યો છે.

- તેના દ્વારા ઊર્જા કાર્યક્ષમતામાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની વાર્ષિક પ્રગતિનું મૂલ્યાંકન કરવામાં આવે છે.
- 50 સૂચકાંકો સાથે અપડેટેડ ફ્રેમવર્ક હવે રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ સાથે સંરેખિત છે.
- અને તેમાં રાજ્ય–સ્તરની ઊર્જા કાર્યક્ષમતા પહેલોના પરિણામો અને અસરોને ટ્રેક કરવા માટે પ્રોગ્રામ–વિશિષ્ટ સૂચકાંકોનો સમાવેશ થાય છે.
- ઊર્જા કાર્યક્ષમતા અમલીકરણમાં તેમની પ્રગતિ અને સિદ્ધિઓના આધારે રાજ્યોને ચાર શ્રેણીઓમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે. જે આ મુજબ છે : 1. ફ્રન્ટ રનર, 2. અચીવર, 3. કન્ટેન્ડર, 4. એસ્પિરન્ટ.

## રાજ્ય ઊર્જા કાર્યક્ષમતા સૂચકાંક 2021-22ના મુખ્ય તારણો

કર્ણાટક, આંધ્રપ્રદેશ, આસામ અને ચંદીગઢ પોતપોતાના રાજ્ય જૂથોમાં ટોચનું પ્રદર્શન કરનારા રાજ્યો છે.

### ફ્રન્ટ રનર કેટેગરી (>60 પોઈન્ટ)

આંધ્રપ્રદેશ, કર્ણાટક, કેરળ, રાજસ્થાન અને તેલંગાણા ફ્રન્ટ રનર કેટેગરીમાં છે.

### અચીવર કેટેગરી (50-60 પોઈન્ટ)

આસામ, હરિયાણા, મહારાષ્ટ્ર અને પંજાબનો અચીવર કેટેગરીમાં સમાવેશ થાય છે.

**નોંધ :** (1) બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સી (BEE)ની સ્થાપના 1લી માર્ચ, 2002ના રોજ ઊર્જા સંરક્ષણ અધિનિયમ, 2001ની જોગવાઈઓ હેઠળ ઊર્જા મંત્રાલય હેઠળ કરવામાં આવી હતી.

(2) બ્યૂરો ઓફ એનર્જી એફિશિયન્સનું મિશન ભારતીય અર્થતંત્રના ઊર્જા સરપ્લસને ઘટાડવાના પ્રાથમિક ઉદ્દેશ્યો સાથે નીતિઓ અને વ્યૂહરચનાઓ વિકસાવવામાં મદદ કરવાનું છે.





1. ‘વિશ્વ ઉડ્ડયન અને અવકાશી દિવસ’ અથવા તો 'International Day of Human Space Flight' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 10 એપ્રિલ (B) 11 એપ્રિલ (C) 12 એપ્રિલ (D) 13 એપ્રિલ **(C)**

2. તાજેતરમાં કેન્દ્ર સરકારે ‘ભારતીય અવકાશ નીતિ 2023’ (Indian Space Policy 2023)ને મંજૂરી આપી છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ નીતિ અવકાશ ક્ષેત્રમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારીને સંસ્થાકીય બનાવવા પર ભાર મૂકે છે અને અદ્યતન અવકાશ તકનીકોના સંશોધન અને વિકાસ પર ISROનું ધ્યાન કેન્દ્રિત કરે છે.
2. આ નીતિમાં જણાવ્યા અનુસાર ભારત, દ.કોરિયા, જાપાન અને યુ.એ.ઈ અવકાશમાં સ્પેસ સ્ટેશન બનાવશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા **(A)**

3. _____ ને આંકડાશાસ્ત્રમાં 2023નું આંતરરાષ્ટ્રીય પુરસ્કાર એનાયત કરવામાં આવશે.

(A) શ્રી એમ.એન.મિસ્ત્રી (B) શ્રી સી.આર.શાહ (C) શ્રી સી.આર.રાવ (D) શ્રી એમ.એન.શાહ **(C)**

4. તાજેતરમાં 'State Energy Efficiency Index' બહાર પાડવામાં આવ્યો છે. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ ઈન્ડેક્સ ‘બ્યૂરો ઓફ એનર્જી એફિશિયન્સી’ દ્વારા AEEE સાથે મળીને વિકસાવવામાં આવ્યો છે.
2. આ ઈન્ડેક્સ અનુસાર કર્ણાટક, આંધ્રપ્રદેશ, આસામ અને ચંદીગઢ પોતપોતાના રાજ્ય જૂથોમાં ટોચનું પ્રદર્શન કરનારા રાજ્યો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## જલિયાવાલા બાગ હત્યાકાંડની 104મી વર્ષગાંઠ

13 એપ્રિલ, 2023ના રોજ જલિયાવાલા બાગ હત્યાકાંડની 104મી વર્ષગાંઠ હતી.

### જલિયાવાલા બાગ હત્યાકાંડ

આઝાદીની લડત દરમિયાન ભારતમાં 'રોલેટ એક્ટ'ના વિરોધમાં મહાત્મા ગાંધીજીએ 6 એપ્રિલ, 1919ના રોજ દેશવ્યાપી હડતાલની ઘોષણા કરી હતી.

- ત્યારબાદ સમગ્ર ભારતમાં 'રોલેટ એક્ટ'ના વિરોધમાં વ્યાપક દેખાવો થયા હતા.
- આથી, અંગ્રેજ સરકાર દ્વારા 8 એપ્રિલ, 1919ના રોજ હરિયાણાના પલવલ નામના ગામમાંથી મહાત્મા ગાંધીજીની ધરપકડ કરવામાં આવી હતી.
- આ ઉપરાંત પંજાબમાંથી પણ અનેક લોકોની ધરપકડ કરવામાં આવી હતી.
- પંજાબમાં અંગ્રેજો દ્વારા કરવામાં આવેલી ધરપકડના વિરોધમાં 10 એપ્રિલ, 1919ના રોજ પંજાબના લોકપ્રિય નેતા ડો. સત્યપાલ અને શ્રી સૈફુદીન કિચલુની પણ ધરપકડ કરી હતી.
- આથી, પોતાના પ્રિય નેતાના ધરપકડના વિરોધમાં પંજાબના લોકો 13 એપ્રિલ, 1919ના રોજ અમૃતસર ખાતે આવેલા જલિયાવાલા બાગમાં વૈશાખીના તહેવારની ઉજવણીના બહાને એકઠા થયા હતા.
- અમૃતસરની સ્થિતિ બેકાબૂ થતા ત્યાં 144ની કલમ તથા માર્શલ લો લાગુ પાડવામાં આવ્યો હતો.
- અમૃતસરના લશ્કરી કમાન્ડર જનરલ ડાયરને આ બાબતની જાણ થતા તે લશ્કરી ટૂકડી સાથે જલિયાવાલા પહોંચી ગયો હતો અને કોઈપણ જાતની ચેતવણી આપ્યા વિના તેણે ગોળીબારનો આદેશ આપ્યો હતો.
- આ સમયે થયેલા અંધાધૂંધ ફાયરિંગમાં 1000 થી વધુ લોકો શહીદ થયા હતા અને હજારો લોકો ઘાયલ થયા હતા. બ્રિટિશ ઈતિહાસની આ કલંકરૂપ ઘટનાના દોષિત જનરલ ડાયરનું પૂરું નામ બ્રિગેડિયર જનરલ રેગિનાલ્ડ એડવર્ડ હેરી ડાયર છે.
- જનરલ ડાયરના આ કૃત્યની તપાસ માટે અંગ્રેજો દ્વારા 'હંટર કમિશન'ની નિમણૂક કરવામાં આવી હતી.
- જો કે, હંટર કમિશને આ ઘટનાને જનરલ ડાયર દ્વારા 'અણસમજથી થયેલી ભૂલ' ગણાવી તેને દોષમુક્ત કર્યો હતો.
- ભારતીયો દ્વારા આ હત્યાકાંડની તપાસ માટે શ્રી મદનમોહન માલવીયાની અધ્યક્ષતામાં એક સમિતિનું ગઠન કરવામાં આવ્યું હતું.
- આ હત્યાકાંડના વિરોધમાં શ્રી રવિન્દ્રનાથ ટાગોરે 'નાઈટહૂડ' તથા શ્રી જમનાદાસ બજાજે 'રાયબહાદુર'ની ઉપાધિનો ત્યાગ કર્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## રોલેટ એક્ટ વિશે

પ્રથમ વિશ્વયુદ્ધ 1918માં પૂરું થયું હતું. ત્યારબાદ છ મહિને 'હિન્દ સંરક્ષણ ધારા'ની મુદ્દત પુરી થતી હોવાથી ક્રાંતિકારી પ્રવૃત્તિને અટકાવવા માટે 'Anarchment and Revolutionary act' નામનો કાયદો ન્યાયાધીશ સીડની રોલેટ, દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો જેને ટૂંકમાં 'રોલેટ એક્ટ' તરીકે ઓળખવામાં આવે છે.

- રોલેટ એક્ટની મુખ્ય જોગવાઈઓ નીચે મુજબ છે :

(1) કોઈપણ વ્યક્તિને શંકાને આધારે ધરપકડ કરી શકાતી હતી.

(2) ખાસ અદાલતોમાં કેસ ચલાવીને ન્યાયિક કાર્યવાહી વગર સજા કરી શકાતી નથી.

## જલિયાવાલા બાગ સ્મારક


ભારતની સંસદ દ્વારા 'જલિયાવાલા બાગ રાષ્ટ્રીય સ્મારક એક્ટ, 1951 પસાર કરીને જલિયાવાલા બાગને 'રાષ્ટ્રીય સ્મારક' જાહેર કરવામાં આવ્યું હતું.

- 'જલિયાવાલા બાગ નેશનલ મેમોરિયલ ટ્રસ્ટ' દ્વારા તેનું સંચાલન કરવામાં આવે છે.

નોંધ : (1) ગાંધીજીએ રોલેટ એક્ટના કાયદાને 'કાળો કાયદો' કહ્યો હતો.

(2) શ્રી મોતીલાલ નેહરૂએ 'નો વકીલ, નો દલીલ, નો અપીલ' સાથે રોલેટ એક્ટના કાયદાને સરખાવ્યો હતો.

ICE FOR COMPETITIVE EXAMS



## મધ્યપ્રદેશ ગોંડ પેઈન્ટિંગને GI ટેગ



તાજેતરમાં મધ્યપ્રદેશના પરંપરાગત ગોંડ પેઈન્ટિંગને ભૌગોલિક સંકેત (GI) ટેગ આપવામાં આવ્યો છે.

- આ GI ટેગ મળવાની સાથે તે કલાના સ્વરૂપ અને તેને બનાવનારા કલાકારોના સંરક્ષણમાં મદદ કરશે.
- ગોંડ આદિજાતિ દ્વારા બનાવવામાં આવેલા આ ચિત્રોમાં પ્રકૃતિ, પ્રાણીઓ અને ધાર્મિક વિષયો સાથે તેમની જીવનશૈલી દર્શાવવામાં આવી છે.
- મધ્યપ્રદેશનો ડિંડોરી જિલ્લો ગોંડ પેઈન્ટિંગનું મુખ્ય કેન્દ્ર છે.
- રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (NRLM) અને રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન (NULM) ગ્રીટિંગ કાર્ડ્સ, મોબાઈલ કવર અને બેગ કવર દ્વારા ગોંડ પેઈન્ટિંગની કળાને વ્યાપક દર્શકો સુધી પહોંચાડશે.

## બિહારના પ્રસિદ્ધ મરચા ચાવલને GI ટેગ



બિહારના પશ્ચિમ ચંપારણના 'મરચા ચાવલ' (અથવા 'મિર્ચા ચાવલ')ને GI ટેગ મળ્યો છે.

- આ ચોખાનો આકાર કાળા મરી જેવો હોવાથી તેને મિર્ચા અથવા મરચા ચોખા તરીકે ઓળખવામાં આવે છે.
- આ ચોખા ખૂબ જ સુગંધિત અને સ્વાદિષ્ટ હોય છે.
- રાંધેલા ભાત ફૂલેલા, મીઠા અને સરળતાથી સુપાચ્ય હોય છે.
- તેના ઉત્પાદક વિસ્તારો પશ્ચિમ ચંપારણ જિલ્લાના મૈનાતંદ, ગૌનાહા, નરકટિયાગંજ, રામનગર અને ચાણપાટિયા બ્લોક્સ છે.
- તેની સરેરાશ ઉપજ 20-25 ક્વિન્ટલ પ્રતિ હેક્ટર છે. આ ડાંગરનો છોડ ઉંચો હોય છે અને તેની ઉપજ 145-150 દિવસમાં તૈયાર થાય છે.
- GI ટેગ મળવાથી આ પ્રોડક્ટની વૈશ્વિક સ્તરે ઓળખ ઉભી થશે અને નિકાસને પ્રોત્સાહન મળશે તથા ખેડૂતોની આર્થિક સ્થિતિમાં સુધારો પણ થશે.

1. વર્ષ 2023માં જલિયાવાલા બાગ હત્યાકાંડની કેટલામી વર્ષગાંઠ હતી ?
(A) 101 (B) 102 (C) 103 (D) 104 **(D)**

2. કયા કાયદાના વિરોધમાં મહાત્મા ગાંધીજીએ 6 એપ્રિલ, 1919ના રોજ દેશવ્યાપી હડતાલની ઘોષણા કરી હતી ?
(A) રોલેટ એક્ટ (B) મોર્લે–મિન્ટો સુધારા
(C) રેગ્યુલેટિંગ એક્ટ, 1873 (D) રેગ્યુલેટિંગ એક્ટ, 1919 **(A)**

3. 'જલિયાવાલા બાગ હત્યાકાંડ' ક્યારે થયો હતો ?
(A) 10 એપ્રિલ, 1918 (B) 13 એપ્રિલ, 1918
(C) 10 એપ્રિલ, 1919 (D) 13 એપ્રિલ, 1919 **(D)**

4. 13 એપ્રિલ, 1919ના રોજ પંજાબના અમૃતસરમાં આવેલા જલિયાવાલા બાગમાં પંજાબના કયા નેતાઓની ધરપકડના વિરોધમાં હજારો લોકો એકઠા થયા હતા ?
(A) શ્રી લાલાલજપતરાય અને સૈફુબદીન કિચલુ (B) શ્રી લાલાલજપતરાય અને ડો. સત્યપાલ
(C) શ્રી સૈફુદીન કિચલુ અને ડો. સત્યપાલ (D) શ્રી સૈફુદીન કિચલુ અને શ્રી ભગતસિંહ **(C)**

5. જલિયાવાલા બાગ હત્યાકાંડની તપાસ માટે અંગ્રેજો દ્વારા કયા કમિશનની નિમણૂક કરવામાં આવી હતી ?
(A) રોલેટ કમિશન (B) ડાયર કમિશન (C) વાયલી કમિશન (D) હંટર કમિશન **(D)**

6. જલિયાવાલા બાગ હત્યાકાંડની તપાસ માટે ભારતીયો દ્વારા કોની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી હતી ?
(A) શ્રી રવિન્દ્રનાથ ટાગોર (B) શ્રી મદન મોહન માલવીયા
(C) શ્રી સૈફુદીન કિચલુ (D) શ્રી જમનાલાલ બજાજ **(B)**

7. તાજેતરમાં ગોંડ પેઈન્ટિંગને GI ટેગ મળ્યો છે. તે કયા રાજ્ય સાથે સંબંધિત છે ?
(A) મધ્યપ્રદેશ (B) મહારાષ્ટ્ર (C) કેરળ (D) તેલંગાણા **(A)**

8. તાજેતરમાં 'મિર્ચા ચાવલ' (Mircha Rice) અથવા મરચા ચોખાને GI ટેગ મળ્યો છે, તે કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશ સાથે સંબંધિત છે ?
(A) બિહાર (B) ઉત્તરપ્રદેશ (C) જમ્મુ કાશ્મીર (D) સિક્કિમ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 14 એપ્રિલ, (1) સમરસતા દિવસ (ડો. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ) (2) રાષ્ટ્રીય અગ્નિશમન સેવા દિન (3) વિશ્વ ચાગાસ દિવસ

### ડો. બાબાસાહેબ આંબેડકર જયંતી



14 એપ્રિલ, 2023ના રોજ સમગ્ર દેશમાં ભારતીય બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરની **132મી જન્મજયંતી**ની ઉજવણી કરવામાં આવી છે.

- વર્ષ **2015**થી દર વર્ષે ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતી 14 એપ્રિલ **'સમરસતા દિવસ'** અને 26 નવેમ્બર **'બંધારણ દિવસ'** તરીકે ઉજવાય છે.
- આ અગાઉ વર્ષ 2016માં ભારત સરકાર દ્વારા ડો. બાબા સાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.
- વર્ષ 2016માં ડો. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીની ઉજવણી સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પણ કરવામાં આવી હતી.
- જેમાં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ડો. બાબાસાહેબ આંબેડકરને 'વિશ્વના પ્રણેતા' કહીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જેમની જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હોય એવા ડો. બાબાસાહેબ આંબેડકર પ્રથમ ભારતીય વ્યક્તિ છે.
- **ડો. બાબાસાહેબ આંબેડકર** સિવાય ફક્ત બે જ મહાપુરુષો એવા છે કે જેમની જન્મજયંતી સંયુક્ત રાષ્ટ્ર દ્વારા મનાવવામાં આવી હોય.... અને તે છે **શ્રી માર્ટિન લ્યૂથર કિંગ** અને **શ્રી નેલ્સન મંડેલા.**
- ડો. બાબાસાહેબ આંબેડકર, શ્રી માર્ટિન લ્યૂથર કિંગ અને શ્રી નેલ્સન મંડેલા વિશ્વમાં 'માનવઅધિકાર સંઘર્ષ'ના સૌથી મહાન નેતાઓ છે.
- ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતી **'ડો.આંબેડકર જયંતી'** અથવા તો **'શ્રી ભીમરાવ જયંતી'** તરીકે પણ ઉજવાય છે. વર્ષ 2015થી તેમની ઉજવણી **'સમરસતા દિવસ'** તરીકે કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAM ®



**ડો. બાબાસાહેબ આંબેડકર**

| | |
|---|---|
| જન્મ : | 14 એપ્રિલ, 1891 |
| જન્મ સ્થળ : | મહુ (મધ્યપ્રદેશ) |
| પૂરું નામ : | ડો. ભીમરાવ રામજીભાઈ આંબેડકર |
| હુલામણું નામ : | ડો. બાબાસાહેબ આંબેડકર |
| પિતાનું નામ : | શ્રી રામજીભાઈ સકપાલ |
| માતાનું નામ : | શ્રીમતી ભીમાબાઈ |
| મૂળ વતન : | અંબાવાડે ગામ, જિલ્લો રત્નાગિરી (મહારાષ્ટ્ર) |
| પુરસ્કાર : | ભારત રત્ન (એપ્રિલ, 1990) |

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અભ્યાસ

(1) મુંબઈની એલ્ફીન્સ્ટન હાઈસ્કૂલમાંથી 1907માં મેટ્રીકની પરીક્ષા પાસ કરી.

(2) વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડની સહાયથી મુંબઈની એલ્ફીન્સ્ટન કોલેજમાં અભ્યાસ કરી 1912માં અંગ્રેજી મુખ્ય વિષય સાથે બી.એ.ની પરીક્ષા પાસ કરી.

(3) મહારાજા સયાજીરાવ ગાયકવાડની સહાયથી અમેરિકાના ન્યુયોર્કની કોલંબિયા યુનિવર્સિટીમાં અભ્યાસ કરી ‘પ્રાચીન ભારતીય વ્યાપાર’ વિષય ઉપર મહાનિબંધ લખી 1915માં કોલંબિયા યુનિવર્સિટીની એમ. એ.ની ઉચ્ચ પદવી પ્રાપ્ત કરી.

(4) 1916માં ‘બ્રિટીશ ભારતમાં મુલ્કી અર્થવ્યવસ્થાનો વિકાસ’ વિષય ઉપર મહાનિબંધ લખી કોલંબિયા યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની. ડિગ્રી મેળવીને શ્રી ભીમરાવ આંબેડકર ડો. ભીમરાવ આંબેડકર બન્યા.

(5) ઈંગ્લેન્ડમાં કાયદાનો તથા અર્થશાસ્ત્રનો અભ્યાસ કરી 1923માં બેરિસ્ટર થયા. અને ડો. આંબેડકરને તેમના મહાનિબંધ ‘રૂપિયાનો પ્રશ્ન’ વિષય પર લંડન યુનિવર્સિટીએ તેમને “ડોકટર ઓફ સાયન્સ”ની ઉચ્ચ ડિગ્રી એનાયત કરી.

(6) લંડનમાં અભ્યાસ પૂર્ણ કરી તેમણે જર્મનીની પ્રસિદ્ધ બોન યુનિવર્સિટીમાં અભ્યાસ શરૂ કર્યો. પરંતુ ત્યાં લાંબો સમય  ન રહ્યા અને ભારત પરત ફર્યા.

(7) જૂન 1928માં મુંબઈની ગવર્નમેન્ટ લો કોલેજમાં કાયદાના પ્રોફેસર તરીકે જોડાયા અને વિદ્યાર્થીઓમાં ખૂબ જ પ્રિય બન્યા.

## રાષ્ટ્રના વિકાસમાં ડો. બાબાસાહેબ આંબેડકરનું યોગદાન

ડો. બાબાસાહેબ આંબેડકરનું ભારતના વિકાસમાં અમૂલ્ય યોગદાન છે. એક અર્થશાસ્ત્રી, સમાજશાસ્ત્રી, શિક્ષણશાસ્ત્રી અને કાયદાના જાણકાર તરીકે ડો. બાબાસાહેબ આંબેડકરે આધુનિક ભારતના વિકાસનો પાયો નાંખ્યો હતો.

- તેમણે ભારતીય બંધારણનો ડ્રાફ્ટ (પ્રારૂપ) તૈયાર કર્યું અને તેઓ 'ભારતીય બંધારણના પિતા' તરીકે ઓળખાયા.
- આર્થિક અને શૈક્ષણિક દષ્ટિએ પછાત વર્ગોના વિકાસ માટે ઈ.સ. 1923માં 'બહિષ્કૃત હિતકારીણી સભા'ની સ્થાપના કરી.
- ભારતમાંથી જાતિવાદને નાબૂદ કરવા માટે સામાજિક આંદોલનો ચલાવ્યા.
- જળ સંશાધનો માટેની અસ્પૃશ્યતા દૂર કરવા માટે 1927માં મહારાષ્ટ્રના મહાડમાં પ્રદર્શનનું નેતૃત્વ કર્યું.
- 1930માં મહારાષ્ટ્રના નાસિકમાં કાલારામ મંદિરમાં પ્રવેશ માટે આંદોલનનું નેતૃત્વ કર્યું.
- સપ્ટેમ્બર 1931માં મળેલી બીજી ગોળમેજી પરિષદમાં ભારતના આર્થિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉદ્ધાર માટે અલગ મતાધિકાર અને અલગ અનામત બેઠકોની માંગણી કરી.
- ઓગસ્ટ 1936માં 'સ્વતંત્ર મજૂર પક્ષ'ની સ્થાપના કરી.
- 1940માં તેમનું 'પાકિસ્તાન ઉપર વિચારો' પુસ્તક પ્રકાશિત થયું હતું.
- આ ઉપરાંત 'શુદ્રો કોણ હતા ?' નામનું પુસ્તક લખ્યું અને પ્રકાશિત કરાવ્યું.
- 20 જુલાઈ, 1942ના રોજ તેમણે ભારતના વાઈસરોયની કેબિનેટમાં લેબર મેમ્બર તરીકેનો ચાર્જ સંભાળ્યો. અને સરકારના લેબર મેમ્બર તરીકે તેમણે 'પીપલ્સ એજ્યુકેશન સોસાયટી'ના નેજા હેઠળ મુંબઈમાં સિદ્ધાર્થ કોલેજની શરૂઆત કરી.
- ડૉ. બાબાસાહેબ આંબેડકરના પ્રયાસોને કારણે જ 29 એપ્રિલ, 1947ના રોજ બંધારણ સભાએ કાયદા દ્વારા સમગ્ર ભારતમાંથી અસ્પૃશ્યતાને નાબુદ થયેલી જાહેર કરી હતી.
- 3 ઓગસ્ટ, 1947ના રોજ ભારતની વચગાળાની સરકાર રચાઈ. તેમાં ડો. બાબાસાહેબ આંબેડકર ભારતના પ્રથમ કાયદા પ્રધાન બન્યા હતા.
- 29 ઓગસ્ટ, 1947ના રોજ ભારતીય બંધારણની રચના માટે 'ડ્રાફ્ટીંગ સમિતિ'ના પ્રમુખ તરીકે તેમની નિમણૂક કરવામાં આવી હતી.
- તેમણે આઝાદ ભારતના નવા બંધારણનો ડ્રાફ્ટ તૈયાર કર્યો અને 26 નવેમ્બર, 1949ના રોજ બંધારણ સભા દ્વારા આ બંધારણનો સ્વીકાર કરવામાં આવ્યો.

- ભારતીય રીઝર્વ બેંક (RBI)ની સ્થાપના તેમના વિચારોથી જ થઈ હતી.
- ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રેરણાથી જ ભારતના 'નાણા આયોગ' (Finance commission)ની સ્થાપના થઈ હતી.
- દામોદર ઘાટી યોજના, હીરાકુંડ યોજના અને સોન નદી યોજના જેવા 8 મોટા બંધોના નિર્માણમાં પણ ડો. બાબાસાહેબ આંબેડકરની મહત્ત્વની ભૂમિકા હતી.
- ભારતમાં Employment Exchangeની સ્થાપના પણ ડો. બાબાસાહેબ આંબેડકરના વિચારોથી જ થઈ હતી.
- ભારતમાં પાણી અને વીજળીની Grid Systemની સ્થાપનામાં પણ ડો. બાબાસાહેબ આંબેડકરનું મહત્ત્વનું યોગદાન છે.
- ભારતને ' સ્વતંત્ર ચૂંટણી પંચ'ની ભેટ પણ ડો. બાબાસાહેબ આંબેડકરે જ આપી છે.

**નોંધ:** (1) 5 જૂન, 1952ના રોજ અમેરિકાના ન્યુયોર્કની કોલંબિયા યુનિવર્સિટીએ તેમને સર્વોચ્ચ એવી "ડોકટર એટ લો"ની પદવી આપી હતી.

(2) 12 જાન્યુઆરી, 1953ના રોજ ભારતની ઓસ્માનિયા યુનિવર્સિટીએ ડો. બાબાસાહેબ આંબેડકરને "ડોકટર ઓફ લીટરેચર"ની ઉચ્ચ પદવીથી સન્માનિત કર્યા હતા.

(3) અને અંતે 6 ડિસેમ્બર, 1956ની વહેલી સવારે દિલ્હી ખાતે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.

(4) 13 એપ્રિલ, 2018ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે નવી દિલ્હી ખાતે ડો. આંબેડકર રાષ્ટ્રીય સ્મારકનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પંચતીર્થ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ડો. બાબાસાહેબ આંબેડકર સાથે સંકળાયેલા પાંચ સ્થળોને 'પંચતીર્થ' તરીકે જાહેર કરી તેનો વિકાસ કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

### ડો. બાબાસાહેબ આંબેડકર સાથે સંકળાયેલા પંચતીર્થ

| ક્રમ | સ્થળ | વિશેષતા |
|---|---|---|
| 1 | મહુ (મધ્યપ્રદેશ) | જન્મભૂમિ |
| 2 | નાગપુર (મહારાષ્ટ્ર) | દીક્ષા ભૂમિ |
| 3 | લંડન (ઈંગ્લેન્ડ) | ઈંગ્લેન્ડમાં નિવાસ સ્થાન(ડો. આંબેડકર સ્મારક નિવાસ) |
| 4 | અલિપુર રોડ (દિલ્હી) | મહાપરિનિર્વાણ ભૂમિ |
| 5 | મુંબઈ (મહારાષ્ટ્ર) | ચૈત્ય ભૂમિ |

## વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ



તાજેતરમાં 23 એપ્રિલ, 2023ના રોજ ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહએ અરૂણાચલ પ્રદેશમાં ભારત–ચીન સરહદ નજીક દરિયાની સપાટીથી 9000 ફૂટની ઊંચાઈએ સ્થિત એક દૂરના ગામ કિબિથુમાં 'વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ'નું અનાવરણ કર્યુ હતું.

- આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ગ્રામીણ વિસ્તારોને આત્મનિર્ભર અને સમૃદ્ધ સમુદાયોમાં પરિવર્તિત કરવાનો છે.
- વાઈબ્રન્ટ વિલેજ કાર્યક્રમ આત્મનિર્ભર ભારતની સરકારના વિઝનને અનુરૂપ છે, જેનો ઉદ્દેશ્ય ભારતને આત્મનિર્ભર બનાવવાનો છે.
- આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ગ્રામીણ ભારતમાં પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવીને તથા આર્થિક વૃદ્ધિ અને વિકાસને પ્રોત્સાહન આપીને ક્રાંતિ લાવવાનો છે.
- રસ્તાઓ, પુલો અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણથી કનેક્ટિવીટી વધારશે, જેનાથી લોકો માટે આવશ્યક સેવાઓનો વપરાશ સરળ બનશે.
- વીજળીની જોગવાઈઓ અને પીવાના શુદ્ધ પાણીની પહોંચથી ગ્રામીણ વિસ્તારોમાં રહેતા લોકોના જીવનની ગુણવત્તામાં સુધારો થશે.
- કૌશલ્ય વિકાસ કાર્યક્રમો સ્થાનિક રહેવાસીઓ માટે રોજગારીની તકો ઉભી કરશે તથા આર્થિક વૃદ્ધિ અને વિકાસને પ્રોત્સાહન આપશે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** કિબિથુ એ ભારતનું સૌથી પૂર્વીય ગામ છે. અને તેને ઉગતા સૂર્યની ભૂમિ અરુણાચલ પ્રદેશનું પ્રવેશદ્વાર માનવામાં આવે છે.





**1.** ભારતમાં ડો. બાબાસાહેબ આંબેડકર જયંતી તરીકે કયા દિવસની ઉજવણી થાય છે ?

(A) 12 એપ્રિલ (B) 13 એપ્રિલ (C) 14 એપ્રિલ (D) 15 એપ્રિલ **(C)**

**2.** 14 એપ્રિલ, 2023ના રોજ સમગ્ર ભારતમાં ડો. બાબાસાહેબ આંબેડકરની કેટલામી જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી છે ?

(A) 120મી (B) 126મી (C) 132મી (D) 133મી **(C)**

**3.** ભારતમાં ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતી કયા નામે ઉજવાય છે ?

(A) ડો. આંબેડકર જયંતી (B) શ્રી ભીમરાવ જયંતી

(C) સમરસતા દિવસ (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

**4.** ભારતમાં કોની જન્મજયંતી 'સમરસતા દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) શ્રી જવાહરલાલ નહેરુ (B) મહાત્મા ગાંધીજી

(C) શ્રી સરદાર પટેલ (D) ડો. બાબાસાહેબ આંબેડકર **(D)**

**5.** ભારત સરકાર દ્વારા ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતીને 'સમરસતા દિવસ' તરીકે ક્યારથી ઉજવવામાં આવે છે ?

(A) 2012 (B) 2013 (C) 2014 (D) 2015 **(D)**

**6.** સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જેમની જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હોય એવી એકમાત્ર ભારતીય વ્યક્તિનું નામ શું છે ?

(A) મહાત્મા ગાંધીજી (B) સ્વામી વિવેકાનંદ

(C) શ્રી જવાહરલાલ નહેરુ (D) ડો. બાબાસાહેબ આંબેડકર **(D)**

**7.** ડો. બાબાસાહેબ આંબેડકરના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?

(A) 14 એપ્રિલ, 1891ના રોજ મધ્યપ્રદેશના મહુ ખાતે તેમનો જન્મ થયો હતો.

(B) તેમનું પૂરું નામ ડો. ભીમરાવ રામજીભાઈ આંબેડકર છે.

(C) તેમનું મૂળ વતન મહારાષ્ટ્રના રત્નાગિરિ જિલ્લાનું અંબાવાડે ગામ હતું

(D) ઉપરોક્ત ત્રણેય સત્ય છે. **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

| | | |
|---|---|---|
| 8. | ભારતના નિર્માણમાં ડો. બાબાસાહેબ આંબેડકરના પ્રદાનના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?<br>(A) 'સ્વતંત્ર ચૂંટણી પંચ' તેમની દેન છે.<br>(B) તેમના વિચારોથી જ RBIની સ્થાપના થઈ હતી.<br>(C) તેમના યોગદાનને કારણે જ 'Finance Commission'ની સ્થાપના થઈ હતી.<br>(D) ઉપરોક્ત ત્રણેય સત્ય છે. | (D) |
| 9. | 13 એપ્રિલ, 2018ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કઈ જગ્યાએ ડો. આંબેડકર રાષ્ટ્રીય સ્મારકનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું ?<br>(A) નાગપુર (B) નવી દિલ્હી (C) લંડન (D) મુંબઈ | (B) |
| 10. | ડો. બાબાસાહેબ આંબેડકર સાથે સંકળાયેલા પંચતીર્થમાં નીચેનામાંથી કયા સ્થળનો સમાવેશ થતો નથી ?<br>(A) નાગપુર (મહારાષ્ટ્ર) (B) લંડન (ઈંગ્લેન્ડ)<br>(C) મુંબઈ (મહારાષ્ટ્ર) (D) પેરિસ (ફ્રાન્સ) | (D) |
| 11. | ભારતમાં 'રાષ્ટ્રીય અગ્નિશમન સેવા દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 12 એપ્રિલ (B) 13 એપ્રિલ (C) 14 એપ્રિલ (D) 15 એપ્રિલ | (C) |
| 12. | 'વિશ્વ ચાગાસ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 12 એપ્રિલ (B) 13 એપ્રિલ (C) 14 મે (D) 12 ફેબ્રુઆરી | (A) |
| 13. | તાજેતરમાં શ્રી અમિતભાઈ શાહએ કિબિથુમાં 'વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ'નું અનાવરણ કર્યુ હતું. આ કિબિથુ કયા રાજ્યમાં આવેલું છે ?<br>(A) સિક્કિમ (B) આસામ (C) મેઘાલય (D) અરૂણાચલ પ્રદેશ | (D) |

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 15 એપ્રિલ, (1) વિશ્વ સંસ્કૃતિ દિવસ અથવા વૈશ્વિક સંસ્કૃતિ દિવસ (World Day of Culture અથવા Universal Day of Culture)
## (2) વિશ્વ કલા દિવસ (World Art Day)

## આસામના બિહુ નૃત્યએ બે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યા



તાજેતરમાં આસામના બિહુ નૃત્યએ ગુવાહાટીના સુરજાઈ સ્ટેડિયમમાં 11,304 નર્તકો અને સંગીતકારોના પ્રદર્શન સાથે બે વિશ્વ રેકોર્ડ તોડીને ઈતિહાસ રચ્યો હતો.

- કલાકારો એ બે કેટેગરીમાં વિશ્વ રેકોર્ડ બનાવવાનો પ્રયાસ કર્યો–સૌથી મોટું બિહુ નૃત્ય પ્રદર્શન અને લોક સંગીતકારોનું સૌથી મોટું પ્રદર્શન.
- આ પરંપરાગત લોકનૃત્ય બિહુ માટે એક વળાંક ચિહ્નિત કરે છે, જે સમગ્ર આસામમાં લોકપ્રિય છે અને ખાસ કરીને બોહાગ બિહુ અથવા રોંગાલી બિહુ (વસંત તહેવાર જે મધ્ય એપ્રિલમાં આસામી નવા વર્ષની શરૂઆત કરે છે) દરમિયાન કરવામાં આવે છે.
- ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ વૈશાખી, વિશુ (કેરળ અને અન્ય પાડોશી પ્રદેશો), નબા વર્ષા (પશ્ચિમ બંગાળ), પુથંડુ–પીરપ્પુ (તમિલનાડુ) અને વૈશાખાદી સહિત સમગ્ર ભારતમાં ઉજવતા વિવિધ પરંપરાગત નવા વર્ષના તહેવારો નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી હતી.
- વસંતઋતુ દરમિયાન ઉજવવામાં આવતા આ તહેવારો વિવિધ પ્રાદેશિક કેલેન્ડર અનુસાર ભારતમાં નવા વર્ષની શરૂઆત દર્શાવે છે.
- વૈશાખી હિન્દુઓ અને શીખો દ્વારા ઉજવવામાં આવે છે.
- આ તહેવારો સમગ્ર ભારતમાંથી વિવિધ જાતિ અને ધર્મના લોકોને એક સાથે લાવે છે અને દેશની સમૃદ્ધ સાંસ્કૃતિક વિવિધતાની ઉજવણી કરે છે.

INSTITUTE FOR C

## તમિલનાડુની કમ્બમ દ્રાક્ષને GI ટેગ મળ્યો

તાજેતરમાં તમિલનાડુની પ્રસિદ્ધ દ્રાક્ષ 'કમ્બમ દ્રાક્ષ' (Cumbum Grapes)ને ભૌગોલિક સંકેત (GI) ટેગ આપવામાં આવ્યો છે.



- તેને 'કમ્બમ પનીર થ્રાચાઈ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તમિલનાડુમાં પશ્ચિમ ઘાટ પર આવેલી કમ્બમ ખીણને 'દક્ષિણ ભારતનું દ્રાક્ષ શહેર' તરીકે ઓળખવામાં આવે છે. જ્યાં પનીર થ્રાચાઈની ખેતી થાય છે.
- આ વિવિધતા જેને મસ્કત હેમ્બર્ગ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે તેની ઝડપી વૃદ્ધિ અને પ્રારંભિક પરિપક્વતા માટે લોકપ્રિય છે અને લગભગ આખું વર્ષ ઉપલબ્ધ રહે છે.
- પનીર દ્રાક્ષ સૌપ્રથમ 1832માં ફ્રેન્ચ પાદરી દ્વારા તમિલનાડુમાં લાવવામાં આવી હતી, તે વિટામિન્સ, ટાર્ટરિક એસિડ અને એન્ટીઓક્સિડન્ટોથી સમૃદ્ધ છે તેમજ કેટલાક ક્રોનિક રોગોના જોખમને ઘટાડે છે.
- આ દ્રાક્ષ જાંબલી ભૂરા રંગની હોય છે જે તેમના શ્રેષ્ઠ સ્વાદ માટે જાણીતી છે.

## તેલંગાણામાં ડો. બાબાસાહેબ આંબેડકરની સૌથી ઊંચી પ્રતિમાનું અનાવરણ

ડો. બાબાસાહેબ આંબેડકરની 132મી જન્મજયંતિ નિમિત્તે તેલંગાણાના મુખ્યમંત્રી શ્રી કે. ચંદ્રશેખર રાવ હેદરાબાદમાં હુસૈન સાગર તળાવના કિનારે ડો. બાબાસાહેબની 125 ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ કર્યુ હતું.

- આ પ્રસંગે ડો. બાબાસાહેબ આંબેડકરના પૌત્ર શ્રી પ્રકાશ આંબેડકર પણ હાજર હતા.
- ડો. બાબાસાહેબ આંબેડકરની આ પ્રતિમા ભારતમાં સૌથી ઊંચી તેમની કાંસ્ય પ્રતિમા છે.
- આ પ્રતિમાનું વજન 474 ટન છે અને તેના નિર્માણમાં 360 ટન સ્ટેનલેસ સ્ટીલનો ઉપયોગ કરવામાં આવ્યો છે તેમજ તેમના કાસ્ટિંગ માટે 114 ટન બ્રોન્ઝનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.



- આ પ્રતિમા KPC પ્રોજેક્ટ લિમિટેડ દ્વારા બનાવવામાં આવી છે તેની કુલ કિંમત 146.50 કરોડ રૂપિયા હોવાનું માનવામાં આવે છે.
- આ પ્રતિમા સાંસદની ઈમારત જેવી ઈમારત પર સ્થાપિત કરવામાં આવી છે.
- જાણિતા શિલ્પકાર શ્રી રામ વાનજી સુતાર અને તેમના પુત્ર શ્રી અનિલ રામ સુતાર દ્વારા આ પ્રતિમાની ડિઝાઈન તૈયાર કરવામાં આવી હતી.

1. 'વિશ્વ સંસ્કૃતિ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 14 એપ્રિલ (B) 15 એપ્રિલ (C) 16 એપ્રિલ (D) 17 એપ્રિલ **(B)**

2. 'વિશ્વ કલા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 14 એપ્રિલ (B) 15 એપ્રિલ (C) 16 એપ્રિલ (D) 17 એપ્રિલ **(B)**

3. તાજેતરમાં _____ રાજ્યના બિહુ નૃત્યએ 11,304 નર્તકો અને સંગીતકારોના પ્રદર્શન સાથે બે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યા હતા.

(A) આસામ (B) કેરળ (C) તમિલનાડુ (D) તેલંગાણા **(A)**

4. તાજેતરમાં 'કમ્બમ દ્રાક્ષ' (Cumbum Grapes)ને ભૌગોલિક સંકેત (GI) ટેગ આપવામાં આવ્યો છે. તે કયા રાજ્ય સાથે સંબંધિત છે ?

(A) પ. બંગાળ (B) ઝારખંડ (C) મેઘાલય (D) તમિલનાડુ **(D)**

5. તાજેતરમાં કયા શહેરમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125 ફૂટ ઊંચી કાંસ્ય પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું છે ?

(A) ચેન્નાઈ, તમિલનાડુ (B) હૈદરાબાદ, તેલંગાણા

(C) નાગપુર, મહારાષ્ટ્ર (D) રાંચી, ઝારખંડ **(B)**




## ગુજરાત

➤ **ગાંધીનગર ખાતે યોજાઈ આબોહવા પરિવર્તન વિષયક G20ની બેઠક**

G20 ભારત માટેના સહ–અધ્યક્ષ અને પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયના અધિક સચિવ રિચા શર્માની ઉપસ્થિતિમાં બીજી પર્યાવરણ અને આબોહવા સ્થિરતા કાર્યકારી જૂથની બેઠક ગાંધીનગર ખાતે યોજાઈ હતી. રિચા શર્મા એ G20 દેશો સાથે સહયોગ કરવાની જરૂરિયાત પર ભાર મુકતા જણાવ્યું હતું કે આબોહવા પરિવર્તનને પહોંચી વળવા માટે સર્વસમાવેશક, સર્વસંમતિ આધારિત અભિગમ અને ક્રિયાઓને જોડવાની જરૂરિયાત છે. આબોહવા પરિવર્તન, વસતી વૃદ્ધિ અને પાણીની વધતી માંગ જેવા વૈશ્વિક જળ પડકારો, નમામી ગંગે યોજના, પ્રદૂષણના અસરકારક નિવારણ, આબોહવા, જળ સંગ્રહ અને સુધારણા પ્રોજેક્ટ સહિતના વિષયો પર વિસ્તૃત વિગતો રજૂ કરી હતી. આ સાથે વર્ષ 2024 સુધીમાં સુરક્ષિત અને પર્યાપ્ત પિવાનું પાણી પૂરું પાડવું અને સ્વચ્છ ભારત–જળ સ્વચ્છતા અને સ્વચ્છતાના સાર્વત્રિકરણ અને તેની અસરો પરના પ્રોજેક્ટ પર વિષયવાર પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવી હતી. આ ઉપરાંત આ બેઠકમાં સહભાગી થયેલા વિદેશી પ્રતિનિધિઓએ અમદાવાદની સાબરમતી નદી પર બનાવવામાં આવેલા આઈકોનિક અટલ બ્રિજની મુલાકાત લીધી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **સ્ટેટ ક્લાઈમેટ એન્ડ એનર્જી ઈન્ડેક્સમાં ગુજરાત પ્રથમ ક્રમે**

તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં મંત્રી શ્રી મૂળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકાર ક્લાઈમેટ ચેન્જ અંગેની વૈશ્વિક સમસ્યાઓને નિવારવા કટિબદ્ધ છે. તાજેતરમાં નીતિ આયોગ દ્વારા સ્ટેટ ક્લાઈમેટ એન્ડ એનર્જી ઈન્ડેક્સમાં ગુજરાત રાજ્યએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. સોલાર પ્લાન્ટ અંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં 2,366થી વધારે મેગાવોટ ક્ષમતાના સૌર ઊર્જા પ્લાન્ટ સ્થપાયા છે. 4 લાખ કરતા વધુ રહેણાંક મકાનો ઉપર સોલાર સિસ્ટમ બેસાડવા લાભાર્થીઓને સહાય તથા આગામી વર્ષમાં 1 લાખથી વધારે લાભાર્થીઓને સોલાર સિસ્ટમ બેસાડવા સબસિડી ચૂકવવાનું આયોજન છે. પંચામૃત સંકલ્પો પૈકી ભારતમાં વર્ષ 2030 સુધીમાં 500 મેગાવોટ પુનઃપ્રાપ્ય ઊર્જા સ્થાપિત કરવાનું આયોજન છે. તેને અનુરૂપ ગુજરાત રાજ્ય માટે 2030 સુધીના પુનઃપ્રાપ્ય ઊર્જા લક્ષ્યાંકો નક્કી કરવાની વ્યૂહરચના બનાવવાનું આયોજન છે.

# ભારત

## ➤ આકાશ વેપન સિસ્ટમ માટે BDL સાથે રૂ.8,161 કરોડનો કરાર

ભારત ડાયનેમિક્સ લિમિટેડ (BDL)એ ભારતીય સેનાની બે રેજિમેન્ટ માટે આકાશ શસ્ત્ર પ્રણાલી (AWS)ના ઉત્પાદન અને પુરવઠા માટે સંરક્ષણ મંત્રાલય સાથે રૂ.8,161 કરોડના કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. હૈદરાબાદ સ્થિત સંરક્ષણ જાહેર ક્ષેત્રનું આ એકમ શસ્ત્ર પ્રણાલીની ઉત્પાદન માંગને પહોંચી વળવા માટે તૈયારી કરી રહ્યું છે, જે ત્રણ વર્ષમાં પૂર્ણ થશે. આકાશ વેપન સિસ્ટમ (AWS) એ DRDO દ્વારા ડિઝાઈન અને વિકસાવવામાં આવેલી મોબાઈલ, સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ સિસ્ટમ છે.

## ➤ ધ લેંગ્વેજ ફ્રેન્ડશિપ બ્રિજ

ઈન્ડિયન કાઉન્સિલ ફોર કલ્ચરલ રિલેશન્સ (ICCR)એ 'ધ લેંગ્વેજ ફ્રેન્ડશિપ બ્રિજ' નામના પ્રોજેક્ટની કલ્પના કરી છે, જેનો ઉદ્દેશ્ય એવા પડોશમાં સાંસ્કૃતિક પદચિહ્નને વિસ્તૃત કરવાનો છે જેની સાથે ભારતની ઐતિહાસિક કડીઓ છે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય ભારતને તેના મહાકાવ્ય અને શાસ્ત્રીય તેમજ સમકાલીન સાહિત્યનો આ ભાષાઓમાં અનુવાદ કરવા સક્ષમ બનાવવાનો છે. જેથી બંને દેશોના લોકો તેને વાંચી શકે. આ પ્રોજેક્ટ મ્યાનમાર, શ્રીલંકા, ઉઝબેકિસ્તાન અને ઈન્ડોનેશિયા જેવા દેશોમાં બોલાતી ભાષાઓમાં નિષ્ણાતોનો એક પૂલ બનાવશે જેથી લોકો–થી–લોકોના આદાનપ્રદાનને વધુ સારી રીતે સરળ બનાવી શકાય. તેથી આ દરેક દેશોની સત્તાવાર ભાષાઓમાંથી પાંચથી દસ લોકોને તાલીમ આપશે. આ પ્રોજેક્ટ ભારતની વિદેશ નીતિ અને સાંસ્કૃતિક મુત્સદ્દીગીરી માટે મહત્વપૂર્ણ છે કારણ કે તે આ દેશો સાથે ભારતના સાંસ્કૃતિક અને આર્થિક સંબંધોને મજબૂત બનાવવામાં મદદ કરશે. ICCR વિદેશ મંત્રાલય હેઠળની ભારત સરકારની સ્વાયત્ત સંસ્થા છે. તે અન્ય દેશો સાથે સાંસ્કૃતિક વિનિમય દ્વારા સાંસ્કૃતિક પ્રથાઓને પ્રોત્સાહન આપે છે. તેની સ્થાપના વર્ષ 1950માં ભારતના પ્રથમ શિક્ષણમંત્રી શ્રી મૌલાના અબુલ કલામ આઝાદ દ્વારા કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **તેલંગાણા સરકાર ફૂડ કોન્કલેવ 2023નું આયોજન કરશે**

તેલંગાણા સરકાર 28 અને 29 એપ્રિલે ફૂડ કોન્કલેવ-2023નું આયોજન કરશે. આ ઈવેન્ટ વાર્ષિક મંથન સત્ર છે જે એગ્રી–ફૂડ ઈન્ડસ્ટ્રીના 100 વિચારશીલ નેતાઓને એકસાથે લાવે છે. આ કોન્કલેવનો ઉદ્દેશ વર્તમાન દાયકામાં ભારતીય કૃષિ–ખાદ્ય ક્ષેત્રના વિકાસ માટેના મુખ્ય પડકારો અને તકોને ઓળખવાનો છે. ઈવેન્ટમાં એગ્રી ફૂડ સેક્ટરના વિવિધ પાસાઓને આવરી લેતા પાંચ થીમ આધારિત ટ્રેક હશે. કૃષિ (લીલું), ખાદ્ય તેલ (પીળું), ડેરી (સફેદ), માંસ અને મરઘા (ગુલાબી) અને જળચરઉચ્છેર (વાદળી) મુખ્ય ફોકસ ક્ષેત્રો હશે. તેલંગાણા સરકાર આ સત્રના આયોજન માટે અનેક સંસ્થાઓ સાથે સહયોગ કરી રહી છે.

➤ **આર્ટિલરી રેજિમેન્ટમાં મહિલા અધિકારીઓને સામેલ કરવામાં આવશે**

ભારતીય સેના આ મહિનાના અંતમાં રેજિમેન્ટ ઓફ આર્ટિલરીમાં મહિલા અધિકારીઓની પ્રથમ બેચને કમિશન કરવા માટે તૈયાર છે. હોવિત્ઝર્સ અને રોકેટ સિસ્ટમને હેન્ડલ કરવાની તાલીમ મેળવ્યા પછી આ મહિલા અધિકારીઓને ચેન્નાઈમાં ઓફિસર્સ ટ્રેનિંગ એકેડમી (OTA)માં પાસઆઉટ કરવામાં આવશે. આ મહિને OTAમાંથી પાસ આઉટ થનારી મહિલા અધિકારીઓને એર ડિફેન્સ, સિગ્નલ, એન્જિનિયર, એવિએશન, ASC અને ઓર્ડનન્સ જેવા એકમોમાં નિયુક્ત કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **CBDTએ 95 એડવાન્સ પ્રાઈસિંગ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કર્યા**

સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ (CBDT)એ નાણાકીય વર્ષ 2022-23માં ભારતીય કરદાતાઓ સાથે રેકોર્ડ 95 એડવાન્સ પ્રાઈસિંગ એગ્રીમેન્ટ્સ કર્યા છે. તેમાં 63 APA (UAPA) અને દ્વિપક્ષીય APA (BAPA)નો સમાવેશ થાય છે. ભારતના સંધિ ભાગીદારો ફિનલેન્ડ, યુનાઈટેડ કિંગડમ, યુનાઈટેડ સ્ટેટ્સ, ડેનમાર્ક, સિંગાપોર અને જાપાન સાથેના પરસ્પર કરારો બાદ BAPA પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ભારતમાં એડવાન્સ પ્રાઈસિંગ એગ્રીમેન્ટ (APA) પ્રોગ્રામ વર્ષ 2012માં ફાઈનાન્સ એક્ટ, 2012 દ્વારા આવક વેરા અધિનિયમ, 1961માં કલમ 92 CC અને 92 CD દાખલ કરીને રજૂ કરવામાં આવ્યો હતો. એકપક્ષીય APAમાં માત્ર કરદાતા અને તે દેશના ટેક્સ ઓથોરિટીનો સમાવેશ થાય છે જ્યાં કરદાતા સ્થિત છે. દ્વિપક્ષીય APA (BAPA)માં કરદાતા, વિદેશમાં કરદાતાનું સંલગ્ન એન્ટરપ્રાઈઝ (AE), જ્યાં કરદાતા સ્થિત છે તે દેશની ટેક્સ ઓથોરિટી અને વિદેશી ટેક્સ ઓથોરિટીનો સમાવેશ થાય છે.

➤ **કવચ અભ્યાસ**



આંદામાન અને નિકોબાર કમાન્ડ (ANC)એ તાજેતરમાં 'એક્સરસાઈઝ કવચ' નામની બે મહિના લાંબી સંયુક્ત લશ્કરી કવાયત પૂર્ણ કરી હતી. આ કવાયતમાં આર્મી, નેવી, એરફોર્સ અને કોસ્ટ ગાર્ડના સાધનો સામેલ હતા અને તેનો ઉદ્દેશ્ય સંયુક્ત લડાયક ક્ષમતાઓને ફાઈન–ટ્યૂનિંગ કરવાનો હતો અને દળો વચ્ચે આંતર કાર્યક્ષમતા અને ઓપરેશનલ સિનર્જી વધારવાનો હતો. તેમાં એમ્ફિબિયસ લેન્ડિંગ (આક્રમણ સમયે આર્મી, નેવી અને વાયુસેનાની સંયુક્ત કાર્યવાહી), એર લેન્ડિંગ ઓપરેશન્સ અને આંદામાન નિકોબાર ટાપુઓના દૂરના ટાપુ પર વિશેષ દળોની ઝડપી તૈનાતીનો સમાવેશ થાય છે.

➤ **હિમાચલ પ્રદેશની સુખ-આશ્રય યોજના**

હિમાચલ પ્રદેશની રાજ્ય સરકારે તાજેતરમાં સુખ–આશ્રય યોજના શરૂ કરવાની જાહેરાત કરી હતી. જેનો ઉદ્દેશ્ય રાજ્યમાં અનાથ અને નિરાધર બાળકોને બહેતર જીવન અને શિક્ષણની તકો પૂરી પાડવાનો છે. આ પહેલ વંચિત અને જરૂરિયાતમંદ બાળકોની સંભાળના લાંબા સમયથી ઉપેક્ષિત મુદ્દાને સંબોધિત કરે છે. રાજ્ય સરકારે આ યોજના શરૂ કરી છે, જેને હવે બજેટ સત્ર દરમિયાન હિમાચલ પ્રદેશ સુખ–આશ્રય (સંભાળ, સંરક્ષણ અને સ્વ–નિર્ભરતા) બિલ, 2023 દ્વારા કાનૂની સ્વરૂપ આપવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **કુડનકુલમ ન્યુક્લિયર પાવર પ્રોજેક્ટ**



કુડનકુલમ ન્યુક્લિયર પાવર પ્રોજેક્ટ (KKNPP) એ કુડનકુલમ, તમિલનાડુમાં સ્થિત ભારતનો સૌથી મોટો પાવર પ્લાન્ટ છે. આ પ્લાન્ટ રશિયાના રોસાટોમ સ્ટેટ એટોમિક એનર્જી કોર્પોરેશનના સહયોગથી બનાવવામાં આવ્યો હતો અને તેનું નિર્માણ બે તબક્કામાં કરવામાં આવ્યું હતું. પ્રથમ તબક્કામાં યુનિટ 1 અને યુનિટ 2 ના બાંધકામનો સમાવેશ થાય છે, જેણે 31 ડિસેમ્બર, 2014ના રોજ વીજ ઉત્પાદન શરૂ કર્યું હતું. બીજા તબક્કામાં ચાર વધારાના રિએક્ટરના નિર્માણનો સમાવેશ થાય છે, જે હાલમાં નિર્માણધીન છે. તાજેતરમાં આ પાવર પ્લાન્ટના રિએક્ટર 5 માટે પ્રેશરાઈઝર એઈએમ–ટેક્નોલોજી ઈઝોરા દ્વારા વિતરિત કરવામાં આવ્યું હતું, જે રોસાટોમના મશીન–બિલ્ડીંગ વિભાગ ઓટોમેનેર્ગોમાશનો ભાગ છે.

➤ **દિગ્ગજ કલાકાર જલાબાલા વૈદ્યનું નિધન**



પ્રસિદ્ધ થિયેટર કલાકાર અને દિલ્હીના અક્ષરા થિયેટરના સહ–સ્થાપક સુશ્રી જલાબાલા વૈદ્યનું 86 વર્ષની વયે નિધન થયું છે. તેમણે પત્રકાર તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. દિલ્હીના વિવિધ રાષ્ટ્રીય અખબારો અને સામયિકોમાં તેમનું યોગદાન રહ્યું છે. તેઓ દિલ્હી સરકાર દ્વારા વિવિધ સન્માન, સંગીત નાટક અકાદમી દ્વારા ટાગોર પુરસ્કાર, દિલ્હી નાટ્યસંઘ પુરસ્કાર, આંધ્રપ્રદેશ નાટ્ય અકાદમી સન્માન અને માનદ નાગરિકતા સહિત અનેક પ્રતિષ્ઠિત પુરસ્કાર પ્રાપ્ત કરનાર હતા. 1968માં 'ફૂલ સર્કલ'થી થિયેટરમાં તેની કારકિર્દીની શરૂઆત કરી હતી. આ ઉપરાંત તેમણે અનેક નાટકોમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

➤ **સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા**

તાજેતરમાં સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (SECI)ને ભારત સરકારના નવી અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય (MNRE) દ્વારા મિનિરત્ન કેટેગરી-1 સેન્ટ્રલ પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝ (CPSE) તરીકે માન્યતા આપવામાં આવી છે. SECIની સ્થાપના વર્ષ 2011માં કરવામાં આવી હતી, તે ભારતની આંતરરાષ્ટ્રીય પ્રતિબદ્ધતાઓને પૂર્ણ કરવા માટે નવીનીકરણીય ઊર્જા યોજનાઓ અથવા પ્રોજેક્ટ માટે MNREની પ્રાથમિક અમલીકરણ એજન્સી તરીકે કાર્ય કરે છે. SECIને ICRA દ્વારા AAAનું સર્વોચ્ચ ક્રેડિટ રેટિંગ પણ પ્રાપ્ત થયું છે. ફ્લોટિંગ સોલાર પાવર પ્લાન્ટ્સ અને સોલાર વિન્ડ હાઈબ્રિડ સિસ્ટમ જેવી નવીન સૌર ઊર્જા તકનીકોના વિકાસમાં પણ SECI મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **RRI અને ભારતીય નૌકાદળ વચ્ચે ક્વોન્ટમ ટેક્નોલોજી પર MoU**

રમન સંશોધન સંસ્થા (RRI)એ સુરક્ષિત દરિયાઈ સંચારના વિકાસ માટે ક્વોન્ટમ ટેકનોલોજી પર ભારતીય નૌકાદળ સાથે સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા છે. RRI એ ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ ટેક્નોલોજીની સવાયત સંસ્થા છે. ક્વોન્ટમ કમ્યુનિકેશન એ ક્વોન્ટમ ટેક્નોલોજીનું પેટાફિલ્ડ છે જે ક્વોન્ટમ મિકેનિક્સના સિદ્ધાંતોનો ઉપયોગ કરતી સુરક્ષિત સંચાર પ્રણાલીઓના વિકાસ પર ધ્યાન કેન્દ્રીત કરે છે.

## વિશ્વ

### ➤ સુશ્રી ક્રિસ્ટીના કોચ

અવકાશ સંશોધન માટે એક મહત્વપૂર્ણ ક્ષણમાં અવકાશયાત્રી ક્રિસ્ટીના હોમક કોચને ચંદ્રની પરિક્રમા કરનાર પ્રથમ મહિલા તરીકે જાહેર કરવામાં આવ્યા છે. યુએસ સ્પેસ એજન્સી નાસાએ જાહેરાત કરી છે કે જ્યારે ચાર મનુષ્યો ચંદ્રની આસપાસની સફર માટે ઓરિઅન અવકાશનયાનમાં સવાર થશે ત્યારે ક્રિસ્ટીના કોચ મિશનના નિષ્ણાત હશે. આ જાહેરાત એક સફળતા દર્શાવે છે કારણ કે તે પ્રથમ વખત છે જ્યારે મહિલા અવકાશયાત્રી ચંદ્રની ભ્રમણકક્ષામાં હશે. નોંધનીય છે કે ક્રિસ્ટીના કોચ 2013માં નાસામાં જોડાયા હતા અને 59,60 અને 61 અભિયાન માટે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) પર ફ્લાઈટ એન્જિનિયર તરીકે સેવા આપી હતી.

### ➤ એરિઅન વોરગેમ

ફ્રાન્સ બહુરાષ્ટ્રીય વોરગેમ એરિઅનનું આયોજન કરશે, જે એપ્રિલના ત્રીજા સપ્તાહથી 5મે દરમિયાન યોજવાની ધારણા છે. આ કવાયતમાં ભારત સહિત વિવિધ દેશો સામેલ થશે અને સિમ્યુલેટેડ યુદ્ધના માહોલમાં તેમની લડાયક ક્ષમતાઓનું પરીક્ષણ કરશે. આ કવાયતનો ઉદ્દેશ્ય સહભાગી દેશોની હવાઈ દળોની સજ્જતા અને બહુરાષ્ટ્રીય વાતાવરણમાં કામ કરવાની તેમની ક્ષમતાને ચકાસવાનો છે.

### ➤ યુ.એસ. - ફિલિપાઈન્સ સંયુક્ત લશ્કરી કવાયત : બાલિકાતન

તાજેતરમાં યુએસ અને ફિલિપાઈન્સે તેમની વાર્ષિક 'બાલિકાતન' સૈન્ય કવાયત શરૂ કરી છે અને તેનો ઉદ્દેશ્ય ઈન્ડો–પેસિફિક ક્ષેત્રમાં જોખમોનો સંયુક્ત રીતે જવાબ આપવાની સંબંધિત સેનાઓની ક્ષમતામાં સુધારો કરવાનો છે. આ કવાયત સૌપ્રથમ વર્ષ 1991માં હાથ ધરવામાં આવી હતી. બાલિકતનનો અર્થ થાય છે 'ખભા થી ખભા'.

### ➤ યુરેનિયમના નવા આઈસોટોપની શોધ

મેજિક સંખ્યાની શોધમાં જાપાની ભૌતિકશાસ્ત્રીઓએ અણુનંબર 92 અને સમૂહ નંબર 241 સાથે યુરેનિયમનો નવો આઈસોટોપ શોધી કાઢ્યો છે. સંશોધકોએ KEK આઈસોટોપ સેપરેશન સિસ્ટમની મદદથી યુરેનિયમ - 238 ન્યુક્લીને પ્લુટોનિયમ -198 ન્યુક્લીમાં રૂપાતંરિત કર્યુ હતું. આ બે આઈસોટોપના પ્રોટોન અને ન્યુટ્રોનનું વિનિમય મલ્ટિન્યુક્લિયન ટ્રાન્સફર નામની પ્રક્રિયા દ્વારા કરવામાં આવ્યું હતું. પરીણામી પરમાણુ વિભાજનમાં વિવિધ આઈસોટોપ્સનો સમાવેશ થાય છે. ટીમે દરેક ન્યુક્લિયસના સમૂહને માપવા માટે સમય ઓફ–ફ્લાઈટ માસ સ્પેક્ટ્રમનો ઉપયોગ કર્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **પોલેન્ડે વોલોડીમીર ઝેલેન્સકીને 'ઓર્ડર ઓફ ધ વ્હાઈટ ઇગલ' એનાયત કર્યો**

પોલેન્ડનો સર્વોચ્ચ ઓર્ડર, ધ ઓર્ડર ઓફ ધ વ્હાઈટ ઈગલ 1 નવેમ્બર, 1705ના રોજ ઓગસ્ટ્સ II ધ સ્ટ્રોંગનો ઈતિહાસ ધરાવે છે. આ પુરસ્કાર સૌથી પ્રતિષ્ઠિત લોકોને તેમની યોગ્યતા માટે અને વિદેશી દેશોના ઉચ્ચ રેન્કિંગ પ્રતિનિધિઓને આપવામાં આવે છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સ્કીએ તાજેતરમાં પોલેન્ડની મુલાકાત લીધી હતી. પોલેન્ડની મુલાકાત દરમિયાન ઝેલેન્સકીને 'ઓર્ડર ઓફ ધ વ્હાઈટ ઈગલ'થી નવાજવામાં આવ્યા હતા.

➤ **નાસાનું TEMPO મિશન**

તાજેતરમાં સ્પેસએક્સ ફાલ્કન 9 રોકેટે ફ્લોરિડાથી ટ્રોપોસ્ફેરિક એમિશન મોનિટરિંગ ઓફ પોલ્યુશન (TEMPO) ઉપકરણ લોન્ચ કર્યુ છે. TEMPO એ નાસાનું એક સાધન છે. જે અવકાશમાંથી ઉત્તર અમેરિકામાં વાયુ પ્રદૂષણ શોધી શકે છે. તેનાથી વૈજ્ઞાનિકો હવાના પ્રદૂષકો અને તેના ઉત્સર્જન સ્ત્રોત પર નજર રાખી શકશે. તે પ્રકાશ અને અલ્ટ્રાવાયોલેટ તરંગ લંબાઈ માટે સંવેદનશીલ સ્પેક્ટ્રોમીટર છે. TEMPOને ઈન્ટેલસેટ કોમ્યુનિકેશન સેટેલાઈટ દ્વારા જીઓસિંક્રોનસ ઓર્બિટમાં લોન્ચ કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **World Energy Transitions : Outlook 2023**

તાજેતરમાં 'International Renewable Energy Agency (IRENA)એ તેમનો 'World Energy Transitions : Outlook 2023' રિપોર્ટ બહાર પાડયો છે. જે રિન્યુએબલ એનર્જી સ્ત્રોતો તરફ સંક્રમણ માટે વધુ આક્રમક અભિગમની જરૂરિયાતને હાઈલેટ કરે છે. તાજેતરના વર્ષોમાં રિન્યુએબલ એનર્જી ઘણી લાંબી મંજિલ કાપે છે. અને આ રિપોર્ટ દર્શાવે છે કે વૈશ્વિક સ્તરે સ્થાપિત વીજ ઉત્પાદનો 40% રિન્યુએબલ સ્ત્રોતોમાંથી આવે છે. 2022માં નવીનીકરણીય ઊર્જા વૈશ્વિક વીજળીના વધારામાં 83% હિસ્સો ધરાવશે, જે સ્વચ્છ ઊર્જા તરફના વધતા વલણને પ્રતિબિંબિત કરે છે. 1.5 ડિગ્રી સેલ્સિયસના લક્ષ્યને જીવંત રાખવા માટે રિપોર્ટમાં રૂપરેખા આપવામાં આવી છે કે 2030 સુધીમાં 10,000 ગીગાવોટથી વધુની નવીનીકરણીય ઊર્જાની જમાવટ હાંસલ કરવી આવશ્યક છે. આ ઉપરાંત રિપોર્ટ સૂચવે છે કે 1.5 ડિગ્રી સેલ્સિયસ સુધી ટ્રેક પર રહેવા માટે 5 ટ્રિલિયનથી વધુના વાર્ષિક રોકાણની જરૂર છે.

1. તાજેતરમાં કઈ સંસ્થાએ 'વર્લ્ડ એનર્જી ટ્રાન્ઝિશન : આઉટલુક 2023' રિપોર્ટ બહાર પાડ્યો છે ?
– ઈન્ટરનેશનલ રિન્યુએબલ એનર્જી એજન્સી

2. તાજેતરમાં ભારતના સંરક્ષણ સચિવ અને જાપાનના આંતરરાષ્ટ્રીય બાબતોના સંરક્ષણ ઉપમંત્રીએ નવી દિલ્હીમાં કેટલામી ભારત–જાપાન સંરક્ષણ નીતિ સંવાદની સહ–અધ્યક્ષતા કરી હતી ? – 7મી

3. ભારતીય પર્વતારોહક _____ એ પરંપરાગત ગદ્દી ન્યુટ્રી અથવા લુઆનચડી (Luanchadi) પહેરીને આફ્રિકામાં માઉન્ટ કિલીમંજારો સફળતાપૂર્વક સર કરીને ઈતિહાસ રચ્યો છે ? – સુશ્રી અંજલી શર્મા
(ગદ્દી ડ્રેસ પહેરીને આ સિદ્ધિ મેળવનાર તેઓ પ્રથમ ભારતીય મહિલા છે. તેનો ઉદ્દેશ પર્વત શિખરો પર ગદ્દી સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો છે.)

4. તાજેતરમાં સમાચારમાં રહેલ અલ–અક્સા મસ્જિદ _____ ના જૂના શહેરની મધ્યમાં એક ટેકરી પર સ્થિત છે.
– જેરૂસલેમ

5. તાજેતરમાં કયા દેશે 'યુક્રેન સુરક્ષા સહાય પહેલ' શરૂ કરી છે ? – અમેરિકા

6. ભારતના કયા રાજ્યએ તાજેતરમાં 'ફૂડ કોન્કલેવ 2023' વિચારમંથન કાર્યક્રમનું આયોજન કર્યુ હતું ? – તેલંગાણા

7. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'નાથે લા' એ એક પર્વતીય માર્ગ છે જે કયા રાજ્યમાં સ્થિત છે ? – સિક્કિમ

8. _____ દેશએ તાજેતરમાં દેશમાં જેન્ડર તફાવતને દૂર કરવાના હેતુથી નવો કાયદો પસાર કર્યો છે. – ઓસ્ટ્રેલિયા

9. 'સ્ટેન્ડ અપ ઈન્ડિયા યોજના' કયા વર્ષ સુધી લંબાવવામાં આવી છે ? – 2025
(આર્થિક સશક્તિકરણ અને રોજગાર સર્જન પર ધ્યાન કેન્દ્રિત કરીને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે 2016માં સ્ટેન્ડ અપ ઈન્ડિયા યોજના શરૂ કરવામાં આવી હતી. આ યોજનાને 2025 સુધી લંબાવવામાં આવી છે.)

10. 'રેકૂન સ્ટીલર' શું છે. જે તાજેતરમાં સમાચારમાં હતું ? – માલવેર
(તે માહિતી ચોરી કરનાર સંબંધિત છે જે સામાન્ય રીતે Email દ્વારા મોકલાય છે.)

11. તાજેતરમાં નેશનલ જિયોગ્રાફિઝિકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના વૈજ્ઞાનિકોએ _____ રાજ્યના અનંતપુર જિલ્લામાં દુર્લભ પૃથ્વી ધાતુઓ શોધી કાઢી છે. – આંધ્રપ્રદેશ

12. રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ તાજેતરમાં આસામના તેજપુર એરફોર્સ સ્ટેશનથી _____ ફાઈટર એરક્રાફ્ટમાં 30 મિનિટની ઉડાન ભરી હતી. – સુખોઈ–30 MKI

13. 'ગૈયા મિશન' જે તાજેતરમાં સમાચારોમાં હતું. તે કઈ અવકાશ એજન્સી સાથે સંકળાયેલું છે ? – ESA

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

14. તાજેતરમાં કઈ સંસ્થાએ 'Stacking up the Benefits Lessons From India's Digital Journey' રિપોર્ટ બહાર પાડ્યો છે ? – IMF

15. કયો દેશ 4 વર્ષના સમયગાળા માટે યુએન સ્ટેટિસ્ટિકલ કમિશન માટે ચૂંટાયો છે ? – ભારત

16. શાળા શિક્ષણ માટેનો ડ્રાફ્ટ રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક કયા વય જૂથના બાળકો માટે માળખું પૂરું પાડે છે ? – 3-18

(આ ફ્રેમવર્કનો પ્રી–ડ્રાફ્ટ તાજેતરમાં બહાર પાડવામાં આવ્યો હતો અને શિક્ષણ મંત્રાલયે તેના પર સૂચનો અને જાહેર અભિપ્રાય આમંત્રિત કર્યા છે.)

17. તાજેતરમાં NTCAએ જાહેરાત કરી હતી કે _____ માં દિબાંગ વન્યજીવ અભયારણ્યને ટૂંક સમયમાં વાઘ અનામત તરીકે સૂચિત કરવામાં આવશે. – અરૂણાચલ પ્રદેશ

18. 'ઈલેક્ટ્રોનિક નોલેજ નેટવર્ક' સાથે કયું રાજ્ય સંકળાયેલું છે ? – બિહાર

19. તાજેતરમાં કયા ટેલિસ્કોપે યુરેનસ ગ્રહ અને તેના વલયોની સ્પષ્ટ તસવીર લીધી છે ? – જેમ્સવેબ ટેલિસ્કોપ

20. 'Juice Mission' જે તાજેતરમાં સમાચારમાં હતું. તે કઈ સ્પેસ એજન્સી સાથે સંકળાયેલું છે ? – ESA

(તે ગુરુ અને તેના ઉપગ્રહો–કેલિસ્ટો–ગેનીમેડ અને યુરોપાની શોધ કરશે. આ સ્પેસક્રાફ્ટને યુરોપના સ્પેસપોર્ટ ફ્રેન્ચ ગુઆનાથી સૌરમંડળના સૌથી મોટા ગ્રહ પર મોકલવામાં આવશે.)

21. _____ ની ઉલસૂર બજાર પોસ્ટ ઓફિસ 3D પ્રિન્ટિંગ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને બનાવવામાં આવેલી ભારતની પ્રથમ પોસ્ટ ઓફિસ બનવાની તૈયારીમાં છે. – બેંગ્લુરુ

22. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'હે ફીવર' કયા દેશ સાથે સંકળાયેલ છે ? – જાપાન

23. તાજેતરમાં કયા શહેરની બોવેનપલ્લી વેજીટેબલ માર્કેટે નવીન વેસ્ટ મેનેજમેન્ટ સિસ્ટમ લાગુ કરી છે ?– હૈદરાબાદ

24. ભારતના ચૂંટણી પંચે _____ ને રાષ્ટ્રીય પક્ષ તરીકે માન્યતા આપી છે. – આમ આદમી પાર્ટી (AAP)

(ચૂંટણીપંચનો આ નિર્ણય 2014 અને 2019ની લોકસભા ચૂંટણી અને 2014 પછી યોજાયેલી 21 રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓમાં પક્ષોના પ્રદર્શનની સમીક્ષાના આધારે લેવામાં આવ્યો છે.)

25. ભારતમાં તાજેતરમાં કઈ સંસ્થાએ 'CVigil એપ' લોન્ચ કરી છે ? – ભારતીય ચૂંટણી પંચ

26. તાજેતરમાં કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશે 'શિક્ષણ સેવા પસંદગી આયોગ'ની સ્થાપના કરવાની જાહેરાત કરી છે ? – ઉત્તરપ્રદેશ

27. 'વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ' કયા કેન્દ્રીય મંત્રાલય દ્વારા લાગુ કરવામાં આવે છે ? – ગૃહ મંત્રાલય

28. 'My Village My Heritage Programm' હેઠળ કેટલા ગામોને આવરી લેવામાં આવ્યા છે ? – 1 લાખ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

29. ભારતના સાગર મિશનને અનુરૂપ INS તારમુગલીને કયા દેશમાં સ્થળાંતરિત કરવામાં આવી છે ? – માલદીવ

30. મિલિયસ કયા દેશની નૌકાદળનું માર્ગદર્શિત વિનાશક છે ? – અમેરિકા

31. મેલોલોન્થા અરુણાચલેનસીસ, જે તાજેતરમાં સમાચારોમાં હતી. તે કઈ પ્રજાતિ છે ? – ભમરો

32. 'સાયબર સુરક્ષા ભારત' કયા કેન્દ્રીય મંત્રાલયની પહેલ છે ? – ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રાલય

33. ભારતે તાજેતરમાં કયા દેશ સાથે UNCLOSનું મહત્વ દર્શાવ્યું હતું ? – વિયેતનામ

34. તાજેતરમાં કુર્મી સમુદાયે _____ રાજ્યમાં અન્ય પછાત વર્ગો (OBC)માંથી અનુસૂચિત જનજાતિ (ST) સૂચીમાં સમાવેશ કરવાની માંગ સાથે આંદોલન શરૂ કર્યું હતું. – બંગાળ

35. ભારતીય વાયુસેનાની ટુકડી 17 એપ્રિલથી 5મે 2023 દરમિયાન _____ દેશમાં યોજનારી ORION કવાયતમાં ભાગ લેશે. – ફ્રાન્સ

36. _____ એ ઓક્સફોર્ડ યુનિવર્સિટીમાંથી મેલેરિયાની નવી રસી મંજૂર કરી છે, જે આવું કરનાર વિશ્વનો પ્રથમ દેશ બન્યો છે. – ઘાના

37. કયા દિવસે 'હિમાચલ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ? – 15 એપ્રિલ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



# નકશા નં - 12

## ભારત Tiger Reserves Of India



"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા
SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT